Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैन धर्म प्रकाश.

पिता योगाभ्यासो विषयविरतिः सा च जननी ।
विवेकः सोदर्यः प्रतिदिनमनीहा च भगिनी ॥
प्रिया क्षांतिः पुत्रो विनय उपकारः प्रियसुहृत् ।
सहायो वैराग्यं गृहमुपशमो यस्य स सुखी ॥ १ ॥

પુસ્તક ૩૩ મું. ] કાર્તિક. સંવત ૧૯૭૪. વીર સંવત ૨૪૪૪. [ અંક ૮ મો.

## हितोपदेश ( सत्संग. )

( કુંડળિયા. )

સંગી સંત થયા વિના, તરાય નહિ સંસાર;
સમજણ વિણુ સમજાય નહિં, શું છે સાર અસાર;
શું છે સાર અસાર, જ્ઞાનવિણુ ગોથાં ખાયે;
અજ્ઞાની જન એમ, અધિક અવટાઈ જાયે;
કે છે દિલખુશદાસ, સદા ઉર રહી ઉમંગી;
સંતસમાગમ શોધ, થશે સુખ થાતાં સંગી. ૧
સત્‌સંગી સદ્‌ગુણમાં, રહે આનંદી રોજ;
દુનિયાની દુગ્ધા તણો, તે શીર નહિ કંઇ બોજ;
તે શીર નહિ કાંઇ બોજ, ખોજ કરી જો તું આજી;
તો તુજ અંતર યાર, થશે બહુ રાજી રાજી;
કે છે દિલખુશદાસ, કુભાંડી ને કુસંગી;
પામે નહિ કદિ સુખ, સુખ પામે સત્‌સંગી. ૨
સેવા સંતતણી કરે, તે ઉતરે ભવપાર;
પારસમણિના સંગથી, લોહું હેમ થનાર;
લોહું હેમ થનાર, જુઓ સંગત ફળ સારૂં;
અજ્ઞાનીનું નાવ, સંત ભવસિંધુ સારૂં;

For Private And Personal Use Only

કે છે દિલખુશદાસ, સત્સંગ મીઠા મેવા;
ખાઇ ઉતરે ભવપાર, કરે જે સંતની સેવા. ૩

બુરી સંગતથી કદી, ફળ સારૂં નવ થાય;
અમૃત સરખા દુધમાં, વિખ ભળતાં ન ખવાય;
વિખ ભળતાં ન ખવાય, જુઓ ફળ સંગત કેરાં;
તો પણ મૂરખ જન, ચહે એ વિખ ઘણેરાં;
કે છે દિલખુશદાસ, થશે પસ્તામણ પૂરી;
પાછળથી નિરધાર, જરૂર સંગતથી બુરી. ૪

સુખીઆ સૌ સંસારમાં, સંતસમા નહિ કોઈ;
દુનિયાની દુગ્ધા બધી, ખરી રીતથી ખોઇ;
ખરી રીતથી ખોઇ, રહ્યા છે ન્યારા પોતે;
કરી સદા સત્સંગ, શુદ્ધ સુખને તે ગોતે;
કહે कपूरदास, સત્સંગ વિણુ સૌ દુઃખિયા;
શોધી જોતાં સર્વ, દિલખુશ સંતો સુખીઆ. ૫

## प्रशमरति प्रकरण.

### અર્થ વિવેચન યુક્ત.

( લેખક—સન્મિત્ર કર્પૂરવિજયજી )

અનુસંધાન પૃષ્ટ ૨૦૬ થી.

यस्तु यतिर्घटमानः सम्यक्त्वज्ञानशीलसंपन्नः ।
वीर्यमनिगूहमानः शक्त्यनुरूपं प्रयत्नेन ॥ २९६ ॥
संहननायुर्बलकालवीर्यसंपत्समाधिवैकल्यात् ।
कर्मातिगौरवाद्वा स्वार्थमकृत्वोपरममेति ॥ २९७ ॥
सौधर्मादिष्वन्यतमकेषु सर्वार्थसिद्धिचरमेषु ।
स भवति देवो वैमानिको महर्द्धिद्युतिवपुष्कः ॥ २९८ ॥

**ભાવાર્થ**—જે મુનિ સમ્યકત્વ, જ્ઞાન અને શીલસંપન્ન હોઇ, વીર્યને ગોપવ્યા વિના યથાશક્તિ સંયમક્રિયામાં પ્રયત્ન કરતા સતા સંઘયણ, આયુષ્ય, બળ, કાળ, વીર્યસંપત્તિ અને સમાધિની નિર્બળતાથી અથવા કર્મના અતિશયપણાથી સ્વાર્થ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કર્મ અવશેષ રહ્યા હોય તે ( સર્વાર્થસિદ્ધ વિમાન શિવાય અન્ય દેવવિમાને ઉત્પન્ન થઈ મનુષ્ય ભવમાં આવનાર ) ફરી એક દેવભવ કરી ત્યાંથી ચ્યવીને, મનુષ્ય જન્મ પામી, ઉત્કૃષ્ટ ચારિત્રની આરાધના કરી મોક્ષ ગતિ પામે છે. એવો આશય મૂળ ગાથા ઉપરથી ફલિત થતો અમને સમજાય છે. ૨૯૯, ૩૦૦, ૩૦૧.

એ રીતે મુનિ-મહાશયની સાધુ-ચર્યા ( સર્વસંયમ યોગ્ય અનુષ્ઠાનની મર્યાદા ) કહી હવે ગૃહસ્થ-શ્રાવક આશ્રી ચર્યા શાસ્ત્રકાર કહે છે—

**यश्चेह जिनवरमते गृहाश्रमी निश्चितः सुविदितार्थः ।**
**दर्शनशीलव्रतभावनाभिरभिरञ्जितमनस्कः ॥ ३०२ ॥**
**स्थूलवधानृतचौर्यपरस्त्रीरत्यरतिवर्जितः सततम् ।**
**दिग्व्रतमूर्ध्वं देशावकाशिकमनर्थविरतिं च ॥ ३०३ ॥**
**सामायिकं च कृत्वा पौषधमुपभोगपारिमाण्यं च ।**
**न्यायागतं च कल्प्यं विधिवत्पात्रेषु विनियोज्यम् ॥ ३०४ ॥**
**चैत्यायतनप्रस्थापनानि च कृत्वा शक्तितः प्रयतः ।**
**पूजाश्च गन्धमाल्याधिवासधूपप्रदीपाद्याः ॥ ३०५ ॥**
**प्रशमरतिनित्यतृषितो जिनगुरुसाधुजनवन्दनाभिरतः ।**
**संलेखनां च काले योगेनाराध्य सुविशुद्धाम् ॥ ३०६ ॥**
**प्राप्तःकल्पेष्विन्द्रत्वं वा सामानिकत्वमन्यद्वा ।**
**स्थानमुदारं तत्रानुभूय च सुखं तदनुरूपम् ॥ ३०७ ॥**
**नरलोकमेत्य सर्वगुणसंपदं दुर्लभां पुनर्लब्ध्वा ।**
**शुद्धः स सिद्धिमेष्यति भवाष्टकाभ्यन्तरे नियमात् ॥ ३०८ ॥**

**ભાવાર્થ**—શ્રી જિનેશ્વર ભગવાનના આ શાસનને વિષે જે ગૃહસ્થ નિશ્ચળ, સમ્યગ્જ્ઞાન સંપન્ન, દર્શન, શીલ અને વ્રત ભાવનાવડે ભાવિતમતિ થઇ, સ્થૂલ-હિંસા, અસત્ય, અદત્ત, અબ્રહ્મ, તથા રતિ અરતિ ( પરિગ્રહ ) નો સર્વદા ત્યાગી સતો, દિગ્વિરમણ. અનર્થવિરતિ, સામાયિક, પૌષધ, અને ભોગોપભોગ પરિમાણ કરીને, ન્યાયોપાર્જિત અને નિર્દોષ વસ્તુનો વિધિવત્ પાત્રને વિષે વિનિયોગ કરે છે. તથા શક્તિઅનુસાર સાવધાન થઇ શ્રી જિનચૈત્યોની પ્રસ્થાપના તેમજ તેની સુગંધ ( વિલેપન ), માલ્ય ( પુષ્પ ), અધિવાસ, ધૂપ અને પ્રદીપ આદિક દ્રવ્યોવડે પૂજા કરે છે. તથા પ્રશમરતિનો નિત્ય અભિલાષી હોઇ, જિન, ગુરૂ અને સાધુજનોને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાલન કરવામાં અત્યંત રસીક છતો અંત અવસરે સુવિશુદ્ધ સંલેખના ત્રિકરણ-યોગે આરાધી સૌધર્માદિ દેવલોકને વિષે ઇંદ્રપણું અથવા સામાનિક દેવપણું અથવા એવુંજ બીજું ઉદારસ્થાન પામે છે. તે મહાનુભાવ ત્યાં તદનુકુળ સુખ અનુભવી પુનઃ મનુષ્યલોકમાં અવતરી દુર્લભ એવી સર્વગુણસંપદાને પામી આઠ ભવમાં શુદ્ધ નિર્મળ થઇ નિયમા સિદ્ધ પદને પામે છે. ૩૦૨-૩૦૮

**વિવેચન**—આ મનુષ્યલોકમાં જિનેશ્વર ભગવાને ભાષેલા આગમ-પ્રવચન સંબંધી અર્થનો ભલીરીતે અર્થાવબોધ મેળવી જેણે તેનો આશ્રય કરેલો છે, નિઃશંક-પણે સત્યતાનો નિર્ધાર કર્યો છે કે આ જિનપ્રવચન જ ભવસાગરનો પાર પમાડનાર છે તથા તત્ત્વાર્થશ્રદ્ધાન લક્ષણ સમ્યક્ત્વ, ઉત્તરગુણરૂપ શીલ, પ્રાણાતિપાતાદિ વિરમણરૂપ અણુવ્રત, અને અનિત્યાદિક દ્વાદશ ભાવનાવડે જેનું મન ભાવિત-વાસિત રહે છે, એવો ગૃહસ્થ શ્રાવક સ્થૂલ-બાદર પ્રાણી-ત્રસ જીવોની નહિ કે સૂક્ષ્મ પૃથ્વીકાયાદિ જીવોની હિંસાથી વિરમણ, અથવા સ્થૂલ-સંકલ્પ જનિત, નહિ કે આરંભ જનિત હિંસાથી વિરમણ એટલે કે હું આ જીવને મારૂં-વિનાશું એવો સંકલ્પ કરીને વધ કરવાથી વિરમવું-વધ ન કરવો તે **સ્થૂલ પ્રાણાતિપાત વિરમણ** રૂપ પ્રથમ અણુવ્રત, કન્યા, પશુ, ભૂમિ સંબંધી તથા થાપણમોસો ને કુટલેખ સાક્ષી સંબંધી **મોટકા જૂઠથી વિરમવું** તે બીજું અણુવ્રત, જે વસ્તુનું હરણ કરતાં ચોર કહેવાય એવી **ચોરી ન કરવી** તે ત્રીજું, પરસ્ત્રીગમન તથા વેશ્યાગમનનો ત્યાગ કરવો અને **સ્વસ્ત્રીમાંજ સંતોષ રાખવા રૂપ** ચતુર્થ; ઇષ્ટ વિષયાદિકમાં પ્રીતિ અને અનિષ્ટ-વ્રતપાલનાદિમાં અપ્રીતિ એવા રાગદ્વેષ યા રતિ અરતિમાં સદા અજાગો રહે ( અહીં **પરિગ્રહ પ્રમાણ** યા ઇચ્છા પ્રમાણ સંબંધી સાક્ષાત્ ઉલ્લેખ કર્યો નથી છતાં શેષ વ્રત ગ્રહણ કરવાથી તેને તેમાં સમાવેશિત કરેલ જાણવું એટલે કે ધન, ધાન્ય, ક્ષેત્ર, વાસ્તુ, સોનું, રૂપું વિગેરે પરિમિત ધારી રાખી બાકીના ઉપરની મમતા તજવા રૂપ પંચમ અણુવ્રત; તથા યથાશક્તિ રાત્રીભોજન થકી પણ વિરમવું ). ચાર દિશામાં તેમજ ઉંચે નીચે આટલુંજ દૂર જવું, અધિક નહિ જવું એવો નિયમ તે છઠું **દિગ્વ્રત,** તથા ગ્રહણ કરેલા દિગ્ વ્રતનો સંક્ષેપ કરવો તે સાતમું **દેશાવગાશિક વ્રત** તથા જેમાં અર્થ-પ્રયોજન હોય, પણ વિના પ્રયોજને અગ્નિ, શસ્ત્રાદિક આપવા, પાપોપદેશ કરવા વિગેરે અનેક ભેદે આત્મા દંડાય તેથી વિરમવું તે **અનર્થદંડવિરમણરૂપ** આઠમું વ્રત ( આદરે ). મન વચન કાયાવડે પાપવ્યાપાર કરૂં નહિ તેમ કરાવું નહિ એવો

૧ અનશનવડે શરીર શોષણ કરવું તે દ્રવ્યસંલેષણા અને રાગ દ્વેષ મોહ મત્સર આદિક દોષોનું શોષણ કરવું તે ભાવસંલેષણા કહી છે.

For Private And Personal Use Only

ક્રાક્રમ નિયમરૂપ અને પ્રતિક્રમણરૂપ નવમા **સામાયકવ્રતમાં** એવી રીતે નિયમ કરે કે જ્યાં સુધી હું અરિહંત ભગવાનના બિંબની અથવા સાધુ જનોની સન્નિધ રહી તેમની ભાવસેવા કરું ત્યાંસુધી હે ભગવંત ! હું સામાયક કરું છું. એટલે ત્યાંસુધી ઉપર મુજબ પાપવ્યાપાર કરું કે કરાવું નહિ. વળી આહાર, શરીર સત્કાર, અબ્રહ્મ-મૈથુન સેવા અને પાપવ્યાપારના નિવારણ ત્યાગરૂપ વ્રત તે પૌષધ અષ્ટમી પ્રમુખ પર્વ દિવસે વિશેષે કરે તે દશમું, તેમજ અગ્યારમું ભોગ ઉપભોગ પરિણામવ્રતમાં-અન્ન પાન પુષ્પ ધૂપ સ્નાન વિલેપનાદિક ઉપભોગ અને વસ્ત્ર શયનાદિક પરિભોગ ( અથવા એકવારજ ભોગવવામાં આવે તે ભોગ અને વારંવાર ભોગવવામાં આવે તે ઉપભોગ ) તે બે પ્રકારે-ભોજનથી અને કર્મથી, તેમાં ભોજનથી અશન, પાન, ખાદ્ય અને સ્વાદ્યરૂપ માંસ, મદ્ય, અનંતકાય, મદ્યાદિ સંબંધી અને કર્મથી-અંગારકર્મ, વનકર્મ, શકટકર્મ અને ભાટકાદિ લક્ષણ-તે થકી વિરમણ અથવા તેનું પ્રમાણ જેમાં કરવામાં આવે તે કરીને; બારમા **અતિથિ સંવિભાગવ્રતમાં** અગર્હિત-અનિન્દ્ય વ્યવહાર-વ્યવસાયવડે ઉપાર્જન કરેલ અને સાધુ સંતને ઉદ્દેશીને તૈયાર નહિ કરેલ નિર્દોષ અને સાધુજનને કલ્પે ( ખપે ) તેવી વસ્તુ, પૌષધના પારણે, ઘેર આવેલા મુનિજનોને સત્કારપૂર્વક આપે, પણ પોતાના વાસણમાં નાંખી ઉપાશ્રયે સામે લાવીને આપે નહિ, તેમજ જે વસ્તુ પૌષધ ઉપવાસના પારણે મુનિજનોને આપી ન હોય તે પોતે ( ગૃહસ્થ ) વાપરે પણ નહિ. મતલબ કે વ્રતધારી ગૃહસ્થ શ્રાવક, પૌષધના પારણે મુનિજનોને વિધિથી દાન આપે અને પછી પોતે પારણું કરે. ઉપર પ્રમાણે બાર વ્રત અંગીકાર કરવા ઉપરાંત ચૈત્ય-ચિતિ-પ્રતિમા એ સર્વે એકાર્થવાચી શબ્દો છે તેમનું આયતન એટલે આશ્રય-ગૃહ તે ચૈત્યકુળ-જિનમંદિર, તેની પ્રકૃષ્ટ સ્થાપના-પ્રતિષ્ટા વાજિત્ર, નૃત્ય, તાલથી અનુચર, સ્વજન પરિવાર યુક્ત મહા વિભૂતિવડે કરીને જેમ જેમ શાસનની પ્રભાવના થાય તેમ સાવધાનપણે કરે. વળી વિશિષ્ટ દ્રવ્ય સંબંધી ગંધ, પુષ્પમાલ્ય, પટવાસાદિ અધિવાસ, સુગંધી દ્રવ્યવાળો ધૂપ, અને પ્રદીપ, આદિ શબ્દથી ઉપલેપન, સંમાર્જન તથા જે કાંઈ ભાગ્યું તુટયું હોય તે સાંધવું-રીપેર કરાવવું તથા આત્મામાં જાગૃતિ આણે એવા આદર્શ જીવનવાળાનાં ચિત્ર કરાવવાં. તેમજ જિન કલ્યાણકાદિક વિશિષ્ટ પર્વ દિવસે સત્તર પ્રકારી, એકવીશ પ્રકારી અને અષ્ટોત્તરી પ્રમુખ પૂજા ભક્તિમાં તત્પરતા દાખવે. પ્રભુની અંગપૂજા, અગ્રપૂજા અને ભાવપૂજા કરે. વળી ' ક્યારે સાધુપણું પામીને કષાય રિપુને જીતીશ ? ' એવી સદ્દભાવનાયુક્ત પ્રશમરતિ-કષાયનો જય કરવાની રતિ-પ્રીતિમાં સદાય તૃષિત એટલે સાભિલાષ-ઉત્કટ ઇચ્છાવંત હોય અને અરિહંત ભગવાનને, આચાર્ય ઉપાધ્યાય પ્રમુખ ગુરુજનને,

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યાજ સકળ સાધુસંઘને વંદન નમસ્કાર કરવા સદા ઉજમાળ હોય. તથા મરણ-કાળ નજદીક આવ્યે સતે દ્રવ્યથી શરીરને અને ભાવથી કષાયને સંલેખી (ક્ષીણ કરી) ધર્મધ્યાનવડે, જીવિત મરણાશંસા રહિતપણે સુવિશુદ્ધ-અતિ નિર્મળ સંલેખના કરે અર્થાત્ ઘરમાં રહ્યા છતાં સ્થૂલ પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન વિરમણ, સ્વદારા સંતોષ અને ઇચ્છા પ્રમાણ રૂપ પાંચ અણુવ્રત; દિગ્પરિમાણ, ઉપભોગ પરિભોગ પરિમાણ અને અનર્થદંડ વિરમણ રૂપ ત્રણ ગુણવ્રત તથા સામાયિક, દેશાવગાશિક, પૌષધોપવાસ, અને અતિથિસંવિભાગરૂપ ચાર શિક્ષાવ્રત, એ દ્વાદશવિધ શ્રાવક ધર્મનું અનુપાલન કરી પ્રાન્તે-મરણાવસાન વખતે ઉલ્લસિત ભાવે, સર્વ આશંસા તજી, સુવિશુદ્ધ સંલેખના આરાધીને કલ્પ-સૌધર્માદિક વિમાન-તેમાં ઇંદ્રપણું એટલે અધિપતિપણું પામે. અથવા કદાચિત્ ઇંદ્રના સામાનિકપણું અર્થાત્ ફક્ત અધિપતિપણું નહિ બાકીનું બધું ઇંદ્રની બરોબર તુલ્યપણું, અથવા એવું બીજું કોઈ વિશિષ્ટ વૈમાનિક દેવપણું પામે. ત્યાં તે તે સ્થાનને અનુરૂપ જઘન્ય, મધ્યમ કે ઉત્કૃષ્ટ દેવસુખને અનુભવી; તે દેવ-સ્થિતિનો અવધિ પૂર્ણ થયાથી ત્યાંથી ચ્યવી મનુષ્યલોકમાં આવી, ગુણવંત મનુષ્યોવાળા આર્યદેશાદિકમાં ઉત્તમ જાતિ, કુળ, વિભવ, રૂપ, સૌભાગ્યાદિક સંપદા પામે. તેમજ સમ્યક્ત્વ પ્રમુખ ગુણસંપદાને પામીને તે ગુણોની પરંપરા વડે સકળ કર્મકલંકથી મુક્ત થઈ, આઠ ભવની અંદર નિયમા ( ચોક્કસ ) મોક્ષે જાય. તે માટે સુજ્ઞ જનોએ આદરયુક્ત થઇ શ્રાવકઉચિત ગૃહસ્થધર્મ પણ પાળવો અને છેવટે સાધુધર્મની પણ સેવના-આરાધના કરવા ભાવ રાખવો અને યોગ્ય સમયે તેની પણ આરાધના કરવી. ૩૦૨-૩૦૮

इत्येवं प्रशमरतेः फलमिह स्वर्गापवर्गयोश्च शुभम् ।
संप्राप्यते ऽनगारैरगारिभिश्चोत्तरगुणाढ्यैः ॥ ३०९ ॥

ભાવાર્થ—એવી રીતે પ્રશમરતિ થકી સ્વર્ગ અપવર્ગ[1] સંબંધી શુભ ફલ ગુણાઢ્ય અણગારોને[2] તથા સાગારી[3] -શ્રાવક જનોને ઉપલબ્ધ થાય છે. ૩૦૯

વિવેચન—ઇતિ શબ્દ આ પ્રારંભેલા પ્રકરણની પરિસમાપ્તિ બતાવવા માટે છે. એવં ઉક્ત વર્ણન મુજબ પ્રશમરતિનું શુભ ફળ અહીં મનુષ્ય ભવમાંજ બહુલતાએ કરી સ્વર્ગગતિ રૂપ અને તિર્યંચના ભવમાં તો કોઇક જનોનેજ સ્વર્ગગતિ રૂપ જાણવું. અન્યત્ર ( બે ગતિમાં ) સ્વર્ગ ફળ પ્રાપ્ત થતું નથી. અપવર્ગ એટલે મોક્ષરૂપ ફળ તો કેવળ મનુષ્ય ભવમાંજ મળે છે. સ્વર્ગ સંબંધી વૈષયિક સુખ અને

૧ મોક્ષ. ૨ નિગ્રંથ-મુનિ જનોને. ૩ ગૃહસ્થ.

For Private And Personal Use Only

મોક્ષ સંબંધી સ્વાભાવિક સુખ—એ ઉભય શુભ ફળ પ્રશમરતિથી પ્રાપ્ત થઈ શકે છે. તેમાં નિગ્રંથ સાધુઓ મોક્ષ ફળ મેળવે છે અને ગૃહસ્થ–શ્રાવકો સ્વર્ગફળ તથા પરંપરાએ મોક્ષફળ મેળવે છે, પણ તે કેવા સાધુઓ તથા શ્રાવકો મેળવે છે? તો કે જેઓ પ્રધાન–ઉત્કૃષ્ટ એવા મૂળ ઉત્તર ગુણથી ભરેલા હોય અને નિર્દોષ સમગ્ર સંયમ અનુષ્ઠાનને સેવનારા હોય તેઓજ તે પ્રાપ્ત કરી શકે છે. ૩૦૯

અત્યાર સુધી કરેલું સઘળું કથન પ્રવચન અંતર્ગત છે પણ સ્વકપોલ કલ્પિત કશું નથી તે તથા પ્રવચનની ગંભીરતા આ આર્યાવડે કર્ત્તા બતાવે છે:—

जिनशासनार्णवादाकृष्टां धर्मकथिकामिमां श्रुत्वा ।
रत्नाकरादिव जरत्कपर्दिकामुद्धृतां भक्त्या ॥ ३१० ॥
सद्भिर्गुणदोषज्ञैर्दोषानुत्सृज्य गुणलवा ग्राह्याः ।
सर्वात्मना च सततं प्रशमसुखायैव यतितव्यम् ॥ ३११ ॥

**ભાવાર્થ**—સમુદ્રમાંથી ઘસાઈ ગએલી કોડીની જેમ ભક્તિવડે જિનશાસનરૂપ મહાસાગરમાંથી ઉદ્ધરેલી આ ધર્મ આખ્યાયિકાનું[1] શ્રવણ કરીને ગુણ દોષના જાણ એવા સજ્જન પુરૂષોએ દોષોને ત્યજી ગુણાંશ ગ્રહણ કરવા, અને પ્રશમરતિ (પ્રશમ સુખ) ને માટે સદા સર્વથા પ્રયત્ન કરવો. ૩૧૦–૩૧૧

**વિવેચન**—જિનશાસન બહુજ ઉદાર આશયવાળું અને અનેક અતિશયનું નિધાન હોવાથી તે રત્નાગર સમુદ્ર સમાન છે. તેમાંથી અલ્પમતિવાળા એવા મ્હેં ઉદ્ધરી કાઢેલી જૂની કોડીની જેવી આ સંક્ષિપ્ત ધર્મકથા કે જે કેવળ પ્રશમ પ્રીતિથી અથવા શુદ્ધ દેવગુરૂની ભક્તિથી પ્રેરાઈને કહેલી છે. તે આ નિ:સાર એવી પણ પ્રશમરતિ કથા–રચના શ્રવણ કરીને ગુણદોષને સારી રીતે સમજી–પરખી શકે એવા સંત સાધુજનોએ તેમાંના શબ્દ છંદ અર્થાદિક દોષોની ઉપેક્ષા કરીને જે કંઈ અલ્પ ગુણ તેમાં રહેલો જણાય તેજ ગ્રહણ કરવો. આ વચનથી પ્રકરણકાર મહાશયે પોતાની લઘુતા દર્શાવી આ સંક્ષિપ્ત પણ અતિ હિતકર પ્રકરણ ગ્રંથનું સારી રીતે શ્રવણ મનન કરવા અને એમ કરીને સ્વકર્તવ્ય કરવા સંતજનોનું લક્ષ ખેંચ્યું છે. અને સાગ્રહ સૂચવ્યું છે કે તે સંતજનોએ સર્વ પ્રયત્નવડે સદાય વિષયસુખથી વિમુખ–વિરક્ત રહીને સહજ સ્વાધીન પ્રશમસુખ માટેજ યત્ન કરવો. ૩૧૦–૧૧

यच्चासमंजसमिह छन्दःशब्दसमयार्थतो ऽभिहितम् ।
पुत्रापराधवन्मम मर्षयितव्यं बुद्धैः सर्वम् ॥ ३१२ ॥

---

૧ ધર્મ કથા–વાર્તા અથવા પ્રકરણ.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાવાર્થ—આ ગ્રંથમાં છંદશાસ્ત્ર, શબ્દશાસ્ત્ર અને સિદ્ધાન્તથી જે કંઈ વિરૂદ્ધ મ્હારાથી કહેવાયું હોય તે સર્વ પુત્રના અપરાધની પેરે પંડિતપુરૂષોએ માફ કરવું ઘટે છે. ૩૧૨

વિવેચન—આ પ્રશમરતિ પ્રકરણની રચનામાં જે કંઈ છંદ, શબ્દ શાસ્ત્ર કે શાસ્ત્ર પ્રસિદ્ધ અર્થ વિરૂદ્ધ મ્હારાથી કહેવાયું હોય તે પુત્રઅપરાધવત્ ખમવું-માફ કરવું. જેમ બાળકનો અપરાધ પિતા ખમે છે તેમ જ્ઞાનવૃદ્ધોએ મ્હારા સર્વ અપરાધને પણ ખમવા યા માફ કરવા. ૩૧૨

सर्वसुखमूलबीजं सर्वार्थविनिश्चयप्रकाशकरम् ।
सर्वगुणसिद्धिसाधनधनमर्हच्छासनं जयति ॥ ३१३ ॥

## ॥ प्रशमरति प्रकरणं समाप्तमिति ॥

ભાવાર્થ—સર્વ સુખનું મૂલ કારણ, સર્વાર્થસિદ્ધિને પ્રકાશ કરનાર, અને સર્વ ગુણ સિદ્ધિનું પ્રગટ સાધન એવું અર્હત્ શાસન સદા જયવંતુ વર્તે છે. ૩૧૩

વિવેચન—આ લોક સંબંધી તેમજ પરલોક સંબંધી પ્રત્યક્ષ તેમજ પરોક્ષ સુખના મૂળ કારણરૂપ અથવા લેશ માત્ર પણ દુઃખથી અદૂષિત એવા સર્વ સુખ-મુક્તિસુખના આદ્ય બીજરૂપ જિનશાસનજ છે, તેમજ સર્વે અર્થો-બાહ્ય પદાર્થો-કાળ સહિત પંચાસ્તિકાયો એ સર્વનો અવબોધ-નિર્ણયાત્મક બોધ તથા સંસારસ્થિતિ ઘટના અને મુક્તિ માર્ગને પ્રકાશનાર-પ્રતિપાદન કરનાર જૈનશાસનજ છે. તથા સર્વ ગુણસિદ્ધિ-નિષ્પત્તિ કરાવી આપનાર પુષ્ટ સાધનરૂપ પણ એ જિનશાસનજ છે. તેથી દ્રવ્યપર્યાય નયસમૂહાત્મક અને સર્વ કલ્યાણકારી એવું જૈનશાસન અન્ય સર્વ શાસન મધ્યે સર્વોપરી સત્તા ધરાવી સદા વિજયવંતુ વર્તે છે. ૩૧૩

**શ્રી પ્રશમરતિ પ્રકરણાનુવાદ સંપૂર્ણ:**

ગુણાલ્ય

ઇતિશ્રી પ્રશમરતિ પ્રકરણ અર્થ વિવેચન યુક્ત સંપૂર્ણ.

છે. જોવં ઉક

સતાએ કરી સ્વાશમરતિ પ્રકરણનું મૂળ અને અર્થ **મેસાણા શ્રેયસ્કર મંડળ** તરફ જાણવું. અન્ ૯૬૬ માં છપાયેલ બુક ઉપરથી લેવામાં આવેલ છે. તેનું વિવેચનરૂપ ફળ તો કે **મુનિરાજશ્રી કર્પૂરવિજયજી** મહારાજે તેની ટીકા તથા અવ-

[1] **જૈનધર્મ પ્રસારક**) સભાએ સંવત ૧૯૬૬ ના વર્ષમાં છપાવેલ

૧ મોક્ષ. ૨ નિગ્રંથ-બેલું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# "SPEAK GENTLY."

## નમ્રતા-સભ્યતા-માણસાઈ-મધુરતાથી વાત કરો-કરતાં શીખો.

(એક ઇંગ્રેજી કવિતાનો ભાવાર્થ.)

લખનાર સદ્‌ગુરુ કર્પૂરવિજયજી-નવસારી.

ધીમેથી-શાન્તિથી-સભ્યતાથી બોલો. બ્હીક બતાવીને કે ત્રાસ યા ધમકી દઈને અમલ કરવા કરતાં પ્રેમથી પ્રજાનો ચાહ મેળવી અમલ કરવો બહુ સારો-ઉમદા છે. બોલવામાં એવી ડાહ્યાઈ-સભ્યતા વાપરો કે તેમાં કોઈપણ કઠોર શબ્દનો ઉપયોગ થવા ન પામે અને જે શુભ કામ આપણે અહીં કરવાની સ્થિતિમાં હોઈએ તે બગડી ન જાય. વાત કરવામાં બહુ સાવધાની રાખો. એક નાનાં બાળક સાથે પણ મીઠાશથી બોલો, કે જેથી તેનો ચાહ તમે ખચીતજ મેળવી શકો. બાળકોને બહુ ધીમા અને શાન્ત વચનથી સમજાવો; બાળકની અવસ્થા થોડા વખતમાં બદલાશે પણ તમારા શાન્ત અને સચોટ શિક્ષણની છાપ તો તેના ઉપર કાયમ બની રહેશે. ૨ વૃદ્ધ-વડીલ વર્ગને ધીમે રહી, નમ્રતાથી તમે નિવેદન કરતા રહો પણ આકળાં-આકરાં વચન વદી તેમના ચિન્તાતુર હૃદયને પરિતાપ નહિ પમાડશો. તેમણે તેમની જીંદગી લગભગ પૂરી-પસાર કરી દીધી છે. હવે તેમને છેવટનો વખત શાન્તિમાંજ પસાર કરવા દો. [ કઠોર વચન ભાલા જેવાં લાગે છે. તેનો ઘા જીંદગીભર રૂઝાતો નથી. તેથી તેવાં તાપકારી કઠોર વચનોનો પ્રયોગ [ પ્રહાર ] શાણા ભાઈ બ્હેનોએ તો નજ કરવો. ] તેમને શાન્તિ પમાડવાથી તમે પણ શાન્તિ પામી શકશો. ૩ ગરીબ-દુઃખી જનો પ્રત્યે પણ ધીમેથી દયા લાવી એવું બોલો કે તેમાં એક પણ કઠોર શબ્દ તેમના કાને પડે નહિ. તમારા કઠોર-નિર્દય ભાષણ સિવાય તેમને બીજું સહન કરવાનું કંઈ ઓછું નથી. મતલબ કે તેવા દુઃખી જનોનાં દુઃખમાં ઉમેરો થાય, એવું કઠોર વચન નજ વદો-સભ્યતાથી બોલો-બોલતાં શિખો! આટલું થોડું પણ અહો! બંધુઓ અને બ્હેનો! તમે સારી રીતે કરવા પ્રયત્ન કરો! એ તમારા સફળ પ્રયત્નવડે તમને જે અપાર સુખ અને આનંદ ઉપજશે તે તમારી પાછલી લાંબી જીંદગીમાં તમને સમજાશે. મતલબ કે મૃદુ ભાષા વાપરવાથી ભવિષ્યમાં તમે બહુ સુખી થઇ શકશો.

ઇતિ શમ્.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# मूर्ख शतक षट्त्रिंशिका.

( અનુસંધાન પૃષ્ટ ૨૦૯ થી )

### ૪૨ क्रीतारिर्जननिन्दया—मूर्खः

" લોકનિંદાએ કરીને ( તેના ભયથી ) જે શત્રુને ખરીદે-તેની સાથે સંબંધ કરે તે મૂર્ખ. "

( શત્રુનો સંબંધ પોતાના વિનાશ માટે જ થાય. )

### ૪૩ पुत्राधीने धने दीनः—मूर्खः

" પોતાના ધનને પુત્રને આધિન કરી દઈને પછી જે દીનતા ધરાવે તે મૂર્ખ."

( જો પુત્ર પૂરેપૂરો યોગ્ય ન હોય તો બધું દ્રવ્ય તેને આધિન ન કરવું. )

### ૪૪ क्रोधादात्मवधोद्यतः—मूर्खः ( १२ )

" ક્રોધ આવવાથી પોતાનો જ ઘાત કરવા તૈયાર થાય તે મૂર્ખ. "

( ઘણા ક્રોધીઓ પોતાના જ શરીરપર પ્રહાર કરે છે. )

### ૪૫ राज्यार्थी गणकस्योक्त्या—मूर्खः

" જોશીના વચનથી જે રાજ્ય મળવાની આશા રાખે તે મૂર્ખ. "

### ૪૬ क्रूरे मन्त्रिणि निर्भयः—मूर्खः

" ક્રુર સ્વભાવનો પ્રધાન છતાં જે રાજા નિર્ભયપણું માને તે મૂર્ખ. "

( એવો મંત્રી રાજાનો વિનાશ જ કરવા ધારે. )

### ૪૭ गोष्ठीरतो दरिद्रश्च—मूर्खः

" પોતે દરિદ્રી છતાં ગોષ્ટી ( વાતો ) માં આસક્ત થાય તે મૂર્ખ. "

( દરિદ્રીએ તો ઉદ્યમમાં તત્પર રહેવું જોઇએ. )

### ૪૮ वारितार्थः प्रियाधिया—मूर्खः ( १३ )

"સ્ત્રીની બુદ્ધિથી (સલાહથી) પોતાનો સ્વાર્થ બગડે એવું કરનારો મૂર્ખ."

### ૪૯ भार्याखेदात्कृतोद्वाहः—मूर्खः

"પોતાની સ્ત્રી ઉપરના ખેદને લીધે જે બીજી સ્ત્રી પરણે તે-મૂર્ખ."

### ૫૦ पुत्रकोपात्तदन्तकः—मूर्खः

For Private And Personal Use Only

"પુત્ર ઉપરના કોપને લીધે જે તેનો ( પુત્રનો ) નાશ કરે તે મૂર્ખ."

५१ क्षणरागी गुणाभ्यासे—मूर्खः

"ગુણનો અભ્યાસ કરવામાં જે ક્ષણવાર પ્રીતિવાળો હોય—તે મૂર્ખ."

( ગુણ તો વારંવારના અભ્યાસથીજ પ્રાપ્ત થઇ શકે છે. )

५२ न्यासे च गुणविक्रयी—मूर्खः ॥१४॥

"થાપણ રાખીને વ્યાપાર કરનાર મૂર્ખ. અથવા ન્યાસની ખાતર પોતાના ગુણને પણ વેચી નાખનાર—દાંભિક બનનાર મૂર્ખ."

५३ कृतघ्न उपकारेषु—मूर्खः

"ઉપકારી ઉપર કૃતઘ્ની થાય—તેનો અપકાર કરે તે—મૂર્ખ."

५४ प्रत्यक्षार्थेऽप्यपह्नवी—मूर्खः

"પ્રત્યક્ષ વિષયનો પણ જે અપન્હવ કરે (પ્રત્યક્ષ વસ્તુને ઓળવે) તે મૂર્ખ."

५५ अर्थहीनोऽर्थकार्यार्थी—मूर्खः

"ધન રહિત છતાં પણ જે ધનથી થતા કાર્ય કરવાને ઇચ્છે તે મૂર્ખ."

५६ धूर्तैः स्वीकृत्य नर्तितः—मूर्खः ॥१५॥

"ધૂર્ત પુરૂષોને વશ થઇને તે જેમ નચાવે તેમ નાચે તે મૂર્ખ."

५७ नम्रेषु नृपवन्मौनी—मूर्खः

"નમ્ર માણસોની પાસે જે રાજાની જેમ મૌન ધારણ કરે તે મૂર્ખ."

( તેનો સત્કાર કરવો જોઇએ. )

* ५८ पुत्रकोपात्तदन्तकः—मूर्खः

"પુત્ર પર કોપ થવાથી તેનો નાશ કરે તે મૂર્ખ."

५९ प्रश्नप्रतिवचो मौनी—मूर्खः

"કોઇના પૂછેલા પ્રશ્નનો પ્રત્યુત્તર આપવામાં મૌન રહે તે મૂર્ખ."

६० हितवादिनि मत्सरी—मूर्खः ॥१६॥

"હિત વચન કહેનાર ઉપર જે ઇર્ષ્યા કરે તે મૂર્ખ."

---

* આ પ્રશ્ન ૫૦ ની સાથે એકરૂપ છે, તેથી આ શ્લોકમાં પાદ બીજું જોઇએ.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



६१ उद्वेजनोऽतिस्तुतिभिः—मूर्खः

" રાજાદિકની અત્યંત સ્તુતિ કરીને ઉલટો જે તેને ઉદ્વેગ ઉત્પન્ન કરે તે મૂર્ખ"

६२ गीतकारी खरस्वरः—मूर्खः

" કઠોર સ્વર છતાં જે ગાયન કરવા ઇચ્છે તે મૂર્ખ."

६३ धीदर्पान्न हितश्रोता—मूर्खः

"પોતાની બુદ્ધિના ગર્વથી જે અન્યનું કહેલું હિતવચન સાંભળે નહીં તે મૂર્ખ."

६४ श्लाघायै व्यसनस्थितः—मूर्खः ॥१७॥

" લોકમાં માત્ર પ્રશંસા પામવા માટેજ જે દુર્વ્યસનો સેવ્યા કરે તે અથવા કષ્ટને સહન કરે તે મૂર્ખ."

६५ रोषवान् स्त्रीप्रवृत्त्याद्यैः—मूर्खः

" સ્ત્રીઓની પોતાને અણગમતી પ્રવૃત્તિ વિગેરે જોઇને જે ક્રોધ કરે તે મૂર્ખ "

( કારણકે સ્ત્રી ચરિત્ર તો અપાર હોય છે. )

६६ मूर्खमंत्रे कृतादरः—मूर्खः

" મૂર્ખ માણસના વિચાર ઉપર જે આદર કરે તે મૂખ "

६७ लोभेन स्वजनत्यागी—मूर्खः

" લોભને લીધે જે સ્વજનોનો ( હિતેચ્છુનો ) ત્યાગ કરે તે મૂર્ખ "

६८ पत्नीपक्षार्थयाचकः—मूर्खः ॥१८॥

" સ્ત્રીના સગાઓ પાસે જે ધનની યાચના કરે તે મૂર્ખ "

६९ दुःखे दर्शितदीनार्तिः—मूर्खः

" દુઃખના વખતે લોકમાં જે દીનતા દેખાડે તે મૂર્ખ "

७० सुखे विस्मृतदुर्गतिः—मूर्खः

" સુખને વખતે જે પ્રથમની દુર્દશાને ભૂલી જાય તે મૂર્ખ "

७१ लाभकाले कलहकृत्—मूर्खः

" લાભને વખતે જે ક્લેશ કરે તે મૂર્ખ "

७२ कुल्लोरसेकाद्सेवकः—मूर्खः ॥१९॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



" કુળવાનપણાના ગર્વને લીધે દુઃખી અવસ્થામાં પણ જે નોકરી ન કરે ( નોકરી કરતાં લજવાય ) તે મૂર્ખ "

૭૩ नित्यं निष्फलसंचारी—मूर्खः

" નિરંતર પ્રયોજન વિના ચોતરફ ફરે તે મૂર્ખ. "

૭૪ परीक्षायै विषाशकः—मूर्खः

" પરીક્ષા કરવા માટે જે વિષ ખાય તે મૂર્ખ. "

( વિષ ખાવાથી મૃત્યુ ઉપજે છે એ વાત ખરી હશે કે કેમ ? તેની ખાત્રી કરવા વિષ ખાય તે મૃત્યુનો ભાજન જ થાય. )

૭૫ बहुव्ययोऽल्परक्षायै—मूर्खः

" અલ્પ કિંમતવાળી વસ્તુની રક્ષાને માટે જે ઘણો ખર્ચ કરે તે મૂર્ખ. "

૭૬ नियोगार्थी कृतालसः—मूर्खः ( ૨૦ )

" આળસુ છતાં નોકરીની ઇચ્છા રાખે તે મૂર્ખ. "

૭૭ दत्त्वाऽर्थान् दुर्लभान् कामी—मूर्खः

" દ્રવ્ય આપીને ( ખર્ચીને ) અલભ્ય પદાર્થની ઇચ્છા રાખે તે મૂર્ખ. "

( અલભ્ય પદાર્થો તો ગમે તેટલા ખર્ચે પણ મળતા નથી. )

૭૮ विश्वस्तो वैरिसङ्गमे—मूर्खः

" શત્રુના સમાગમમાં વિશ્વાસ રાખે તે મૂર્ખ. "

૭૯ त्यक्ताभिमानः क्रूरेशे—मूर्खः

" ક્રૂર સ્વામી પાસે અભિમાન તજી દઈને-નમ્ર બને તે મૂર્ખ. "

( નમ્ર બનવાથી તો ક્રૂર સ્વામી ઉલટો હેરાન કરે. )

૮૦ क्षमितश्छद्मवाग्दिभिः—मूर्खः ( ૨૧ )

" કપટથી વાત કરનારા સાથે જે ક્ષમા રાખે તે મૂર્ખ. "

( છળવિદ્યથી બોલનારાનું સાંભળીને ચુપ રહેનારો મૂર્ખ ગણાય છે. )

૮૧ क्षयी रक्तविशोधेन—मूर्खः

" લોહીની શોધમાં-લોહી ચડવાની-પુષ્ટ થવાની ઇચ્છામાં જે ઉલટો થાય-તેની ચિંતાથી સુકાતો જાય તે મૂર્ખ "

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૮૨ सदा दुःखी सुखाशया—मूर्खः

" સુખ મેળવવાની આશાએ કરીને તેની ચિંતામાં જે નિરંતર દુઃખી રહ્યા કરે તે મૂર્ખ."

૮૩ दरिद्रहस्तन्यस्तार्थः—मूर्खः

" દરિદ્રીના હાથમાં ધન સોંપે તે મૂર્ખ "

( દરિદ્રી જાળવે કે પોતાના ઉપભોગમાં લે ? શું કરે તે વિચારો ! )

૮૪ संचयोऽन्यैः कृतव्ययः—मूर्खः (२२)

" પોતે ઉપાર્જન કરે અને વ્યય બીજા કરે એમ થવા દેનાર મૂર્ખ "

૮૫ धर्मद्रोही धनावाप्तै—मूर्खः

" ધનની પ્રાપ્તિને માટે ધર્મનો દ્રોહ કરે-ધર્મને તજી દે તે મૂર્ખ."

( અર્થ-ધન અને કામ એ બેઉની પ્રાપ્તિ ધર્મ વગેરથીજ છે. )

૮૬ सोद्यमोऽस्मीति चञ्चलः—मूर्खः

" હું ઉદ્યમી છું એમ બતાવવાને-દેખાવ કરવાને અતિ ચંચળતા રાખે તે મૂર્ખ "

૮૭ गुणहीनः कुलश्लाघी—मूर्खः

" પોતે ગુણ રહિત છતાં પોતાના કુળની જે શ્લાઘા-પ્રશંસા કરે તે મૂર્ખ "

૮૮ दैवाशात्यक्तपौरुषः—मूर्खः (२३)

" નશીબ પર આધાર રાખીને જે પુરૂષાર્થનો ( ઉદ્યમનો ) ત્યાગ કરે તે મૂર્ખ "

૮૯ व्यक्तदोषजनश्लाघी—मूर्खः

" પ્રગટ દોષવાળા મનુષ્યની જે શ્લાઘા ( પ્રશંસા ) કરે તે મૂર્ખ. "

૯૦ दृष्टदोषाङ्गनारतिः—मूर्खः

" પોતાની સ્ત્રીનો દોષ દ્રષ્ટિએ જોયા છતાં તેના પર પ્રીતિ ધરાવે-આસક્ત રહે તે મૂર્ખ "

૯૧ स्वव्यये गणनोद्वेगी—मूर्खः

" પોતે ધનનો ખર્ચ કરીને પછી તેની ગણતરી કરતાં જે ઉદ્વેગ પામે તે મૂર્ખ"

( ખર્ચ કર્યા પછી સરવાળો બાંધતાં વધારે ખર્ચ થઇ ગયાનો પશ્ચાત્તાપ કરે તે મૂર્ખ ગણાય છે. )

For Private And Personal Use Only

९२ रोगी पथ्यपराङ्मुखः—मूर्खः (२४)

" રોગી થઈને પથ્યનું સેવન કરવાથી વિમુખ રહે ( અપથ્ય વાપરે ) તે મૂર્ખ "

( રોગવાળો છતાં પથ્ય-કરી ન પાળે તે મૂર્ખ. )

९३ मनीषी मत्सरग्रस्तः—मूर्खः

" બુદ્ધિમાન છતાં જે ઇર્ષ્યાવ્યાપ્ત રહે અથવા અભિમાની બને તે મૂર્ખ "

९४ कृतविस्मृतभोजनः—मूर्खः

" ભોજન કરીને પછી પોતે શું ખાધું છે તે પણ વીસરી જાય તે મૂર્ખ "

९५ लाभकाले कृतालस्यः—मूर्खः

" લાભ મળવાને વખતે આળસ કરીને જે બેસી રહે તે મૂર્ખ "

९६ संदिग्धेऽर्थे कृतव्ययः—मूर्खः (२५)

" સંદેહવાળા વિષયમાં ધનનો વ્યય કરે તે મૂર્ખ "

९७ सर्वत्र वद्ध विश्वासः—मूर्खः

" સર્વ ઠેકાણે ( સમાન ) વિશ્વાસ રાખે તે મૂર્ખ "

९८ शक्तश रशङ्कितः—मूर्खः

" શત્રુ શક્તિમાન છતાં જે શંકા-ભય રહિત રહે તે મૂર્ખ "

९९ पुण्यपरो व्ययहीनः—मूर्ख

" પુણ્યકાર્યમાં તત્પર છતાં તેમાં કાંઇ પણ દ્રવ્યનો વ્યય ન કરે તે મૂર્ખ "

( પુણ્યાર્થી છતાં કૃપણ હોય તે. )

१०० निर्धनो गणिकारतः—मूर्खः (२६)

" નિર્ધન છતાં ગણિકા ઉપર આસક્તિ રાખે તે મૂર્ખ "

( ગણિકા નિર્ધનને ઇચ્છતીજ નથી )

## ॥ इति श्री मूर्खशतक षड्विंशिका ॥

" એ રીતે સો પ્રકારની મૂર્ખતા અથવા સો પ્રકારના મૂર્ખને ઓળખાવનાર ૨૬ શ્લોકનું પ્રકરણ સમાપ્ત. "

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# हितशिक्षाना रासनुं रहस्य.

( અનુસંધાન પૃષ્ટ ૧૫૭ થી. )

જિનમંદિરમાં પ્રવેશ કરતાં પ્રથમ અગ્રદ્વારે ત્રણવાર **નિસિહી** કહે. તે ગૃહ-વ્યાપારને ત્રિવિધે-મન, વચન, કાયાએ નિષેધ કરવારૂપ સમજવી. જિનમંદિરમાં પ્રવેશ કર્યા પછી પોતાના ઘર સંબંધી કાંઇ પણ વાતચિત કે વિચાર કરી શકાય નહીં, તો પછી ઘરનું કામ તો કેમજ થઇ શકે ? આ નિસિહીનો **સ્ત્રીવર્ગ** બહોળે ભાગે ભંગ કરે છે. એ જાણી સાથે દેરે આવી હોય તે ત્રણ પ્રદક્ષિણા આપતાં સુધી-માં પોતાની કે પારકી વાતો કર્યાજ કરે છે. કેટલીક વખત વાત અધુરી રહી હોય છે તો ઉભી રહીને પણ વાતો કરે છે. પુરૂષો પણ કેટલાક સાંઝે દર્શન કરવા આ-વીને ત્યાં બેસે છે તો વિકથાઓ કરે છે. તેમણે ધ્યાનમાં રાખવું કે આપણે નિસિહી કહીને જિનમંદિરમાં પ્રવેશ કર્યા પછી સાંસારિક કાંઇપણ વાતચિત કરવી તેમજ વિચાર કરવા તે આશાતના છે, અને પોતે નિસિહી કહીને કરેલી ગૃહવ્યાપારના નિષેધરૂપ પ્રતિજ્ઞાનો ભંગ છે.

આ સંબંધમાં **શ્રીપાળ મહારાજના** ચરિત્રમાંથી રત્નદ્વીપના રાજાએ પો-તાની પુત્રીની પ્રભુની આંગીમાં કોરેલ સુવર્ણમય પત્રાકૃતિ જોઇને તેની ચતુરાઇનો વિચાર કરતાં એવી ચતુર પુત્રીને યોગ્ય વર ક્યાં મળશે તેનો વિચાર કર્યો તે પ્ર-સંગ સંભારવા યોગ્ય છે. તે રાજાએ તેવા સાંસારિક વિચારથી પ્રભુની આશાતના કરી, તેથી શાસનદેવતા એ કોપાયમાન થઇને તે રાજા પુત્રી સહિત જિનમંદિરની બહાર નીકળ્યા પછી તેના દ્વાર એવા બંધ કરી દીધા કે કોઈ પ્રકારે ઉઘડી શક્યા નહીં. રાજા વિચક્ષણ હોવાથી વિચાર કરતાં તેને પોતાનો અપરાધ લક્ષમાં આવ્યો; એટલે તે દ્વાર ઉઘડ્યા પછીજ આહાર કરવો એવી પ્રતિજ્ઞા કરીને ત્યાંજ બેઠો. ત્રીજે ઉપવાસે **ચક્રેશ્વરી** દેવીએ આકાશવાણી કરી કે–'હે રાજા! તું શોક કરવો તજી દે, આજથી એક માસની અંદર તારી પુત્રીને યોગ્ય વરને હું લઇ આવીશ. સમુદ્રકિનારે ચંપાના વૃક્ષ નીચે તે સૂતેલો મળશે. તેની દૃષ્ટિ પડતાં દ્વાર ઉઘડી જશે.' રાજાએ દેવીના વચને પારણું કર્યું, અને મહીનો પૂરો થતાં સમુદ્રકિનારે માણસો મોકલ્યાં. ત્યાં **ધવળશેઠે** સમુદ્રમાં નાંખી દીધેલા શ્રીપાળકુમાર મગરમ-ચ્છની પીઠ ઉપર બેસીને કિનારે આવેલા અને ચંપાના વૃક્ષ નીચે નિદ્રાવશ થયેલા દૃષ્ટિએ પડ્યા, તે જાગ્યા એટલે આવેલા માણસે પોતાની હકીકત નિવેદન કરી. શ્રીપાળકુમાર તેના આગ્રહથી તેની સાથે રત્નદ્વીપની રાજધાની રત્નસંચયા નગરી-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

માં જિનમંદિરે આવ્યા, અને તેની દૃષ્ટિ પડતાંજ જિનમંદિરનાં દ્વાર ઉઘડી ગયાં, રાજા તરતજ ત્યાં આવ્યો. કુમારને જોઈને ઘણો હર્ષિત થયો, અને મોટા મહોત્સવ સાથે પોતાની પુત્રી તેને પરણાવી.

આપણે તો આ સંબંધ ઉપરથી સાર માત્ર એ લેવાનો છે કે માત્ર પોતાની પુત્રીના વર સંબંધી વિચાર કરતાં પ્રભુની આશાતના થઈ અને શાસનદેવતા કોપાયમાન થયા, તો આપણે એવી કેટલી આશાતના કરતા હઈશું ? કદી અત્યારે શાસનદેવતા જાગ્રત હોય તો આપણને કેવી શિક્ષા કરે ? હવે તેઓ બાહ્ય શિક્ષા કરે કે ન કરે, પણ આપણે તો પોતાના વચનનો ભંગ અને ભગવંતની આશાતના થાય છે એમ જાણીને તેમ ન કરવાનું ધ્યાનમાં રાખવું જોઈએ.

જિનમંદિરમાં પ્રવેશ કર્યા પછી ભવભ્રમણ અટકાવવા માટે જિનમંદિર ફરતી ત્રણ પ્રદક્ષિણા દેવી. તે વખતે જિનમંદિર સંબંધી કાંઇ પણ કાર્ય હોય તો તે વિચારવાની, તે સંબંધી આજ્ઞા કરવાની, કાંઇ કામકાજ ચાલતું હોય તો તે તરફ ધ્યાન આપવાની, કોઇ પ્રકારની આશાતના થતી હોય તો તેનું નિવારણ કરવા કરાવવાની છુટ છે. એ પ્રમાણેની પોતાની ફરજ બજાવી, ત્રણ પ્રદક્ષિણા દઇને જિનમંદિરમાં પ્રવેશ કરતાં રંગમંડપના દ્વાર પાસે બીજીવાર નિસિહી કહેવી. આ નિસિહી જિનમંદિર સંબંધી વ્યાપારનો ત્રિવિધે ત્યાગ કરવા રૂપ સમજવી.

રંગમંડપમાં પ્રવેશ કર્યા પછી જો સ્નાન કરીને જિનપૂજા નિમિત્તેજ આવેલ હોય તો પ્રભુની અંગપૂજાદિક કરે અને માત્ર દર્શન નિમિત્તે આવેલ હોય તો અગ્રપૂજા ને ભાવપૂજા કરે. આપણે તો અહીં પ્રાતઃકાળના દર્શનનોજ પ્રસંગ છે તેથી યથાવિધિ જિનદર્શન કરે.

પછી ચૈત્યવંદન કરવાના પ્રારંભમાં અક્ષત, ફળ, નૈવેદ્યાદિવડે અગ્રપૂજા કરીને ત્રીજીવાર નિસિહી કહે. આ નિસિહી જિનેશ્વરની દ્રવ્યપૂજાના નિષેધરૂપ સમજવી. તે કહીને પછી ત્રણ ખમાસમણ દઈ આદેશ માગીને ચૈત્યવંદન કરવારૂપ ભાવપૂજા કરે.

અહીં પ્રસંગોપાત જિનમંદિર સંબંધી દશે ત્રીકનું સ્વરૂપ ટુંકમાં કહીએ છીએ.

૧-૨ **નિસિહી ત્રીક ને પ્રદક્ષિણાત્રીક** ઉપર કહેવાયેલ છે.

૩ ત્રીજું **પ્રણામત્રીક**—પહેલું બે હાથ જોડી મસ્તકે લગાડવા રૂપ પ્રણામ, બીજા અર્ધ શરીર નમાવવા રૂપ અર્ધઅવનત પ્રણામ અને ત્રીજા ખમાસમણ દેવારૂપ પંચાંગ પ્રણામ. ખમાસમણમાં બે હાથ, બે ગોઠણ અને મસ્તક એ પાંચ અંગ ભૂમિ સાથે લાગવા જોઇએ એટલું ધ્યાનમાં રાખવું. તે શિવાય માથું ને બે હાથ અધર

For Private And Personal Use Only

કહીને જે ખમાસમણુ દે છે તો આવે છે તેને ખમાસમણુ કે પંચાંગ પ્રણામ સમજવા નહીં. પ્રભુ પાસે કે ગુરૂ પાસે એવી રીતે અક્કડ રહીને ખમાસમણુ દીધાનું માની લેવું તેથી એક પ્રકારનો અવિવેક થાય છે. તેમજ **मथ्थएण वंदामि** એ શબ્દવડે કહેવામાં આવતાં વચનનો ભંગ થાય છે. એટલું ધ્યાનમાં રાખવું.

૪ ચોથું **પૂજાત્રીક**–૧ અંગપૂજા, ૨ અગ્રપૂજા ને ૩ ભાવપૂજા. તેમાં ૧ અંગપૂજા જળ, ચંદન, પુષ્પાદિવડે થાય છે, ૨ અગ્રપૂજા ધૂપ, દીપ, અક્ષત, ફળ ને નૈવેદ વિગેરેથી થાય છે, અને ૩ ભાવપૂજા સ્તુતિ, સ્તવન, ચૈત્યવંદનાદિવડે થાય છે.

૫ પાંચમું **અવસ્થાભાવનત્રીક**–એટલે જિનપૂજા કરતાં પ્રભુની ત્રણ અવસ્થા ભાવવી. ૧ છદ્મસ્થાવસ્થા, ૨ કેવળીઅવસ્થા, ૩ સિદ્ધાવસ્થા. ૧ પ્રભુને ન્હવણાદિક કરતાં તેમની જન્માવસ્થા, રાજ્યાવસ્થા વિગેરે છદ્માવસ્થા ચિંતવવી. ૨ છત્ર ચામરાદિવડે પ્રભુને અલંકૃત કરતાં કેવળીઅવસ્થા ભાવવી. અને ૩ પર્યંકાસને અથવા કાઉસ્સગ્ગાસને પ્રભુને સ્થિત થયેલા જોઈને નિર્વાણાવસ્થા અથવા સિદ્ધાવસ્થા ભાવવી.

૬ છઠું **ત્રણ દિશા વર્જવારૂપ ત્રીક**–તે પ્રભુના દર્શન પૂજા કરતાં પ્રભુની સામેજ દૃષ્ટિ રાખવી. બે બાજુ કે પાછળ જોવું નહીં. જેઓ દર્શન પૂજાદિ કરતાં અન્ય સ્ત્રીયાદિકની સામી દૃષ્ટિ કરે છે તેઓ આ ત્રીકનો ભંગ કરે છે, એટલુંજ નહીં પરંતુ પરમાત્માની આશાતના કરે છે અને ન્યાયાધીશ સમક્ષ ચોરી કરવા જેવું દુષ્કર્મ કરે છે.

૭ સાતમું ખમાસમણ દેતાં પગ મૂકવાની ભૂમિ **ત્રણવાર પ્રમાર્જવારૂપ ત્રીક** સમજવું. આ ત્રીક ઉત્તરાસન રાખનાર શ્રાવકોજ જાળવી શકે છે. પરંતુ હાલનો યુવાનવર્ગ કે જેની પાસે ઉત્તરાસનજ હોતું નથી, તેઓ આ ત્રીક જાળવી શકતા નથી. તેમજ તેઓ પાંચ અભિગમન પણ પૂરા જાળવી શકતા નથી. કારણ કે તેની અંદર પણ એક વસ્ત્રનું ઉત્તરાસન કરવાનું કહેલું છે.

૮ આઠમું **વર્ણાદિ ત્રીક**–વર્ણ, અર્થ અને જિનપ્રતિમાનું આલંબન કરવારૂપ **આલંબન ત્રીક** એવું એનું બીજું નામ પણ છે. એટલે જિનદર્શન, ચૈત્યવંદનાદિ કરતાં ૧ શુદ્ધ વર્ણોચ્ચાર કરવો, ૨ તેનો યથાર્થ અર્થ ચિંતવવો, અને ૩ દૃષ્ટિ ભગવંતની સામેજ સ્થિત કરવી.

૯ નવમું **મુદ્રા ત્રીક**–૧ યોગમુદ્રા, ૨ જિનમુદ્રા, ને ૩ મુક્તાશુક્તિમુદ્રા. ૧ અન્યોન્ય અંતરિત બે હાથની આંગળી રાખી બે હાથ બરાબર કોણી સુધી જોડી રાખી, કોણી પેટ ઉપર સ્થાપન કરવી તે **યોગમુદ્રા**. ૨ ઉભા રહેતી વખત

બે પગ વચ્ચે આગળના ભાગમાં ચાર આંગળ અને પાછળના ભાગમાં તે કરતાં કાંઇક ઓછો માર્ગ રાખી ઉભા રહેવું તે જિનમુદ્રા. અને ૩ બે હાથ કોણી સુધી જોડી દઈ કાંડાનો ભાગ પોલો રાખી હાથ જોડવા અને કપાળે અડાડવા તે મુક્તાશુક્તિમુદ્રા. આ ત્રણ મુદ્રા પૈકી બેસીને ક્રિયા કરતાં હાથ આશ્રી યોગમુદ્રા જાળવવી, ઉભા રહીને ક્રિયા કરતાં પગ આશ્રી જિનમુદ્રા જાળવવી, અને જાવંતિ ચેઇયાઇં, જાવંત કેવિ સાહુ અને આભવમખંડા સુધી જયવીયરાય કહેતાં મુક્તાશુક્તિમુદ્રા જાળવવી.

૧૦ દશમું પ્રણિધાન ત્રીક-તે જાવંતિ ચેઇયાઇં, જાવંત કેવિ સાહુ તથા આભવમખંડા સુધી જયવીયરાય કહેવારૂપ જાણવું, અથવા મન વચન કાયાની એકાગ્રતા રાખવા-કરવારૂપ સમજવું.

આ દશે ત્રીક યથાસ્થાને યથાયોગ્ય જાળવવાનું ધ્યાનમાં રાખવું.

દશ ત્રીક ઉપરાંત જિનમંદિરમાં દર્શન પૂજાદિ નિમિત્તે જતાં **પાંચ અભિગમન** જાળવવાના છે. તે આ પ્રમાણે-૧ સચિત્ત દ્રવ્ય પુષ્પમાળા વિગેરે જે પાસે હોય તે બહાર મૂકી દેવું, ૨ અચિત્ત દ્રવ્ય શરીરશોભા નિમિત્તનાં વસ્ત્ર આભૂષણાદિ ન તજવા, ૩ એક વસ્ત્રનું ઉત્તરાસન કરવું, ૪ ચિત્તની એકાગ્રતા કરવી અને ૫ પ્રભુ નજરે પડતાંજ બે હાથ જોડવા. રાજા વિગેરેને માટે આ ઉપરાંત બીજા પણ પાંચ અભિગમન ૧ ખડ્ગ, ૨ છત્ર, ૩ ઉપાનહ, ૪ મુગટ, ને ૫ ચામર તજવારૂપ જાણવા. તેના ઉપલક્ષણથી અન્ય મનુષ્યોએ પણ કોઇપણ જાતનું શસ્ત્ર, લાકડી વિગેરે, છત્રી અને પગરખાં, મોજાં વિગેરે બહાર તજી દેવાનું ધ્યાનમાં રાખવું.

પ્રભુના દર્શન કરવામાં સ્ત્રી પુરૂષની એકત્રતા ન થવા માટે મૂળથીજ એ કાયદો બાંધેલો છે કે પ્રભુની જમણી દિશા તરફ રહીને પુરૂષે દર્શન કરવા અને ડાબી બાજુએ ઉભા રહીને સ્ત્રીએ દર્શન કરવા. પ્રભુની બરાબર સામા તો કોઇએ ઉભા રહેવું જ નહીં. જિનદર્શનની જેવી જિનપૂજા માટે પણ મર્યાદા સમજવી. પરંતુ તેમાં પ્રભુને નવે અંગે પૂજા કરવાની હોવાથી ચોકસ દિશા જળવાઇ શકે નહીં, તેથી તેને માટે પહેલા પછીનો વ્યવહાર જાળવવો જોઇએ. પરંતુ એકમેક થઇને એક બીજા સાથે અથડાતાં સ્ત્રી પુરૂષોએ પૂજા કરવી એ કોઇપણ રીતે યોગ્ય નથી. પ્રભુના અતિશયથી કદી વિકારબુદ્ધિ કોઇને ઉત્પન્ન ન થાઓ, પરંતુ વ્યવહારથી જે વિરૂદ્ધ તે તો ત્યાજ્યજ સમજવું.

પ્રભુથી કેટલે દૂર રહીને દર્શન કરવા તેને માટે અવગ્રહ ઠરાવવામાં આવેલ છે. તે અવગ્રહ જઘન્યથી નવ હાથનો અને ઉત્કૃષ્ટ ૬૦ હાથનો કહેલો છે. તે તેવા

વિશાળ જિનચૈત્યને અંગે સમજવો. હુલ તો જેવડું ચૈત્ય હોય તેના પ્રમાણમાં અવગ્રહ સમજવો.

જિનમંદિરની અંદર ૮૪ આશાતનાઓ વર્જવાની કહી છે તે સ્થાનાંતરથી જાણી લેવી. તેમાં મુખ્ય ૧૦ આશાતના અવશ્ય વર્જવા યોગ્ય કહી છે. તે આ પ્રમાણે-૧ તંબોળ ખાવું નહીં, ૨ પાણી પીવું નહીં, ૩ ભોજન કરવું નહીં, ૪ પગરખાં પેરીને જવું નહીં, ૫ મૈથુન સેવવું નહીં, ૬ સુવું નહીં, ૭ થુંકવું નહીં, ૮ લઘુનીતિ કરવી નહીં, ૯ વડીનીતિ કરવી નહીં અને ૧૦ જુગટે રમવું નહીં.

આ પ્રમાણે જિનદર્શન જિનપૂજા કરતાં અનેક જીવો સંસારસમુદ્રનો પાર પામી ગયા છે. નાગકેતુનું દૃષ્ટાંત કલ્પસૂત્રની ટીકામાં પ્રસિદ્ધ છે, તે પણ જિનપૂજાની એકાગ્રતાથી કેવળજ્ઞાન પામી મોક્ષે ગયેલ છે. આ દૃષ્ટાંત દર વર્ષે શ્રવણગત થતું હોવાથી અહીં લખવામાં આવ્યું નથી.

મુખ્ય ચૈત્યે જિનદર્શન કરીને પછી સમીપે યા દૂર રહેલા ઉપાશ્રયમાં જઇ શ્રાવક યથાવિધિ ગુરૂવંદન કરીને પ્રાતઃકાળે પ્રતિક્રમણમાં નિર્ણય કર્યા પ્રમાણે યથાશક્તિ પચ્ચખ્ખાણ લે. પછી ગુરૂની પાસે વ્યાખ્યાન સાંભળવા બેસે. ગુરૂ અનેક શાસ્ત્રના વિજ્ઞાનવાળા હોવાથી નવરસ યુક્ત વ્યાખ્યાન કરે. તેમાં દરરોજ નવા નવા અધિકાર, નવી નવી કથાઓ, નવા નવા આચારની વિધિઓ આવે. તેથી ગુરૂમહારાજનાં વ્યાખ્યાનનો લાભ શ્રાવકે દરરોજ અવશ્ય લેવો. કહ્યું છે કે-

मुंडे मुंडे मतिर्भिन्ना, कुंडे कुंडे नवं पयः ।
देशे देशे नवाचारा, नवा वाणी मुखे मुखे ॥ १ ॥
અક્ષર મંત્રવિના નહીં, વનવિણ મહી ન કોય;
મૂળ નહીં ઓસધ વિના, દુર્લભ આમ્નાય[1] સોય. ૨
શાસ્ત્રભાવ પંડિત લહે, ન લહે મૂઢ અજાણ;
ચંદ્રકાંત અમૃત ઝરે, ન ઝરે બીજા પાષાણ. ૩
ભમરો જાણે રસ વિરસ, જો સેવે વનરાય;[2]
ગુણ શું જાણે ભાપડો, સૂડાં લક્કડ ખાય. ૪
સકળ ભેદ પંડિત લહે, નવ રસ કરે વખાણ;
આગમ ચરિત્ર દુહા કહે, કરવું સકળ પ્રમાણ. ૫

ઉપરના શ્લોક ને દુહાનો ભાવ વિચારીને આગળ ચરિત્રાદિ સર્વ શાસ્ત્રો ગુરૂમુખે સાંભળવા. વખતપર માત્ર એક શ્લોક કે ગાથાથી પણ પ્રતિબોધ થઇ જાય છે. જુઓ માત્ર નાયકાની માતાએ કહેલી એક ગાથાથી ક્ષુલ્લકકુમાર વિગેરે કેટલા બોધ

૧ આમ્નાય. ૨ વનસ્પતિ.

પામી ગયા ? આ કથા અમારી તરફથી છપાયેલી પાર ભાવનાની સઝાયો અર્થ સહિતમાં આવેલી છે. હજુ પણ જેઓ સહજમાં બોધ પામે છે. મુંડ કે દારા પર્વતમાં રહેનારા શિખ ઋષીથી પ્રતિબોધ પામ્યા છે. જેઓ પથ્થર જેવા કઠોર મતવાળા છે તેઓ ઘણા પ્રયત્ને પણ બોધ પામતા નથી. તેવા અભિમાની અને મૂર્ખની પાસે ધર્મ કહેવાની પણ શાસ્ત્રે ના કહી છે. કારણ કે—

આંધેકું કયા આરસી[1], બહિરેકું કયા ગાન;
જાણ સમજાવે અજાણકું, ઉલટો હોય સંતાપ.
પાપીને પ્રતિબોધતાં, પતે પોતાની જાય;
ટપલો સરાણે ચડાવતાં, આરિસો નવિ થાય.

શાસ્ત્રમાં રક્ત, દ્વિષ્ટ, મૂઢ અને વ્યુદ્ગ્રાહિત-આ ચાર પ્રકારના મનુષ્યો ધર્મને અયોગ્ય કહ્યા છે. તેથી તેવાને ઉપદેશ આપવો નહીં. તે ચાર પ્રકારના મનુષ્યો પૈકી પ્રથમ રક્ત-અત્યંત રાગીનું દષ્ટાંત કહે છેઃ—

એક **સુભટ** સુરંગી ને કુરંગી નામની બે સ્ત્રીઓ પરણ્યો હતો. તેને **કુરંગી** ઉપર અત્યંત રાગ હતો એટલે તે સુરંગીની સાથે વાત પણ કરતો નહીં. કુરંગી વ્યભિચારિણી હતી. તેથી તે સ્વેચ્છાએ અન્ય પુરૂષ સાથે રમતી હતી, પણ સુભટના ધ્યાનમાં તે વાત આવતી નહોતી. એકદા તે સુભટ રાજાની સાથે યુદ્ધ નિમિત્તે બહારગામ ગયો. તે બાર વરસે પાછો આવ્યો. એટલે તેણે કુરંગીને પોતાના આવ્યાની વધામણી મોકલી. સેવકે આવીને કુરંગીને કહ્યું. હવે કુરંગીએ બાર વર્ષની અંદર અનેક વંઠ પુરૂષોની સાથે ભોગવિલાસાદિમાં ઘરનાંનું સર્વ દ્રવ્ય વાપરી નાંખ્યું છે, એટલે ભર્ત્તાર માટે રસોઇ કરવા સારો પદાર્થ પણ ઘરમાં રહ્યો નથી. તેથી તે વિચારવા લાગી કે-'હવે રાંધવું શું ?' પછી તેણે બુદ્ધિ કેળવીને આવેલા પુરૂષને કહ્યું કે-'સુરંગી તો બીજે ઘર રહે છે, તેની પાસે જઇને વધામણી આપ કે તારો ભર્ત્તાર તારે ત્યાં આવે છે.' સેવકે ત્યાં જઇને ખબર આપ્યા એટલે તે બહુ ખુશી થઇ કે-'આટલે લાંબે વખતે-પણ અને ભર્ત્તારે સંભારી.' તેણે આવેલા માણસને વધામણી આપીને સુંદર ભોજન તૈયાર કર્યું

સુભટ ઉલટસેર કુરંગીને ત્યાં આવ્યો. એટલે તે તો ગોદડું ઓઢીને સુઇ ગઇ. સુભટે હોંશથી બોલાવી એટલે તે કુત્તરીની જેમ તાડુકતી બોલી કે-'તમારો માણસ આવ્યો તે તો આવીને મને વળગ્યો, હું મહા શીળવતી હોવાથી તેનો તિરસ્કાર કરીને કાઢી મૂકયો. વળી તમે તો મારી ઉપરથી સ્નેહ ઉતારી કાઢયો છે;

[1] આયનો.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નહીં તો સુરંગીને વચામણી શેની નોકલી? માટે અહીં તમારૂં કામ નથી, તમે તમારી માનીતી સુરંગીને ત્યાં જાઓ. મેં તમારી પરીક્ષા કરી લીધી.' કુરંગીના આવાં વચનોથી સુભટ મનમાં બહુજ દુહવાણો. આ ખરેખરી સુલક્ષણી, સત્ય, શીળ ને લાજવાળી દુહવાણી તે ઠીક થયું નહીં. એમ તે વિચારવા લાગ્યો. પછી લાચારીએ સુભટ સુરંગીને ત્યાં ગયો.

સુરંગીએ તો તેની બહુ પ્રકારે ભક્તિ કરી. તેણે પાટલો નાખીને જમવા બેસાડ્યા અને ખાજાં, લાડુ વિગેરે અનેક પ્રકારના પકવાનો તથા અનેક જાતિનાં શાક પીરશ્યાં, અને પોતે વીંઝણો લઈને પવન નાંખવા બેઠી. પણ પેલા સુભટને કુરંગીનો વિચાર આવતાં તેમાંનું કાંઈ ભાવ્યું નહીં. એટલે તેણે સુરંગીને કહ્યું કે-'તું કુરંગીને ત્યાં જઈને કાંઈક પણ ખાવાનું લાવ તો મને ભાવે.' સુરંગી તરતજ કુરંગીને ત્યાં ગઈ અને કહ્યું કે-'ભર્ત્તારનું મન તો તમારામાં વશ્યું છે, તેથી તેમને મારાં કરેલાં પકવાન કે શાક ભાવતાં નથી, માટે તમે કાંઇક તમારૂં કરેલું શાક પણ આપો તો તેને ભાવે.' એટલે કુરંગી ઉભી થઇ અને વાછડાનું છાણ લઇ ચૂલે મૂકી તેમાં આટો, મરી, લૂણ નાખી લીંબુનો પટ દઇ, વઘારીને એક વાડકામાં નાખી સુરંગીને આપ્યું. પેલો સુભટ તો તે શાકના સબડકા લેવા લાગ્યો અને કુરંગીના હાથના વખાણ કરવા લાગ્યો. સુરંગીના પકવાન વિગેરે તો જુજ ખાધા પણ કુરંગીનું કરેલું શાક તો તમામ ખાઈ ગયો.

આવા અત્યંત રાગી-રાગને અંગે ભૂલ, દોષ કે દુર્ગુણ કશું પણ નહીં જોનારા પુરૂષો ધર્મને અયોગ્ય જાણવા. તેમને ધર્મ કહેવામાં જે પ્રયાસ કરવામાં આવે તે નિરર્થક સમજવો. તેથી તેવા તીવ્રરાગીને ધર્મોપદેશ આપવો નહીં.

હવે તીવ્રદ્વેષી વિગેરેના દૃષ્ટાંતો કહે છે:— અપૂર્ણ.

# सुमित्र चरित्र भाषांतर.

## द्वितीय प्रस्ताव.

( અનુસંધાન પૃષ્ટ ૨૨૧ થી ).

હવે પાર્વતીથી મહાદેવ શોભે તેમ દિવ્ય અલંકારને ધારણ કરવાવાળી પ્રિયંગુમંજરીથી સુમિત્ર શોભવા લાગ્યો અને તેજ નગરમાં રહીને તેની સાથે સ્નેહ અને આનંદ સહિત વિલાસ કરવા લાગ્યો. વસંતઋતુ આવતાં ઉદ્યાનમાં જઈ

For Private And Personal Use Only

કુમ્પો અને ફૂળો એકઠા કરતાં તથા હીંચકાની ગમ્મત કરતાં તે ક્રીડા કરવા લાગ્યો. એક વખતે નદીમાં જળક્રિડા કરતાં કલ્લોલના આઘાતથી પ્રિયંગુમંજરીની કાંચળી તણાઇ ગઇ. એક બીજાની લજ્જા રાખ્યા વિના જળક્રીડા કરીને બહાર આવતાં પોતાના અંગપર કાંચળી પ્રિયંગુમંજરીના જોવામાં ન આવી એટલે તે કુમારને કહેવા લાગી કે—' સ્વામિન્ ! મારી કાંચળી અહીં હતી, તે ખોવાઇ ગઇ જણાય છે, માટે તેની તપાસ કરો.' સુમિત્રે જળ, સ્થળ અને આકાશમાં સર્વત્ર તપાસ કરી, પણ અભવ્યને સમ્યક્ત્વની જેમ તેને તે કાંચળી હાથ આવી નહીં. એટલે કુમારે તેને કહ્યું કે—' હે સુભગે ! ઘરે ચાલો, એવી બીજી ઘણી કાંચળી આપણે ઘેર છે, તેમાંથી તને પસંદ આવે તે પહેરી લેજે.' એમ કહીને કુમાર તેની સાથે પોતાના આવાસમાં આવ્યો. એ રીતે તેની સાથે વિષયસુખ ભોગવતાં રાજકુમારે લીલાપૂર્વક કેટલોક કાળ વ્યતીત કર્યો.

હવે પેલી કાંચળી નદીના પ્રવાહમાં તણાતી તણાતી દૂર છતાં શ્રી વિજયનગર સમીપે સત્વર પહોંચી ગઇ. ત્યાં પાણીમાં તરનારે તે દિવ્ય કંચુકી લઇને મકરધ્વજ રાજાને પરમ હર્ષથી ભેટ કરી. સોનેરી દોરાથી સીવેલી, મોતીઓથી મંડિત ( જડેલ ) અને અમૂલ્ય રત્નોથી દેદીપ્યમાન તે કાંચળીને જોતાં રાજા આનંદ પામ્યો. પછી સુવર્ણાલંકારથી તેનો સત્કાર કરીને રાજાએ તેને પૂછ્યું કે—' હે ભદ્ર ! આ કાંચળી તને કયાંથી મળી ? ' તે બોલ્યો કે—' નદીમાંથી ' આ પ્રમાણેનું તેનું કથન સાંભળીને રાજા વિચારવા લાગ્યો કે—' ખરેખર ! આ કાંચળી જેની ભુજામાં પહેરાતી હશે, તે રમણી ખરેખર રત્નજ હશે. ચિંતામણિ સમાન અદ્ભુત એવી તે રામા જો મને પ્રાપ્ત થાય તો આ સંસારમાં મને બાકી શું રહે ? ' આ પ્રમાણે ચિંતવીને રમણીરકત એવો તે કામી રાજા ક્ષત્રિયોથી સંકીર્ણ એવી પોતાની રાજસભામાં આવીને બોલ્યો કે—' અવર્ણનીય શોભાયુકત જે સ્ત્રીની આ કાંચળી છે, એ કોમળ કમલાક્ષી જે મને મેળવી આપશે તેને હું ઇચ્છા પ્રમાણે ઇનામ આપીશ, એવી હું પ્રતિજ્ઞા કરૂં છું. ' આ પ્રમાણે રાજાએ કહ્યા છતાં તેના હાથમાંનું બીડું કોઇએ લીધું નહિ. એટલે પ્રપંચકળામાં પ્રવીણ અને ગણિકાઓમાં અગ્રેસર એવી વૈરિણી એવા યથાર્થ નામવાળી વેશ્યા ત્યાં રાજસભામાં બેઠી હતી તે બોલી કે—' હે રાજન્ ! દૂર છતાં પણ જે લોલાક્ષીએ તમારૂં મન હરણ કરી લીધું છે, તે રમણી શક્તિ અને ભક્તિથી હું તમને મેળવી આપીશ.' એમ કહીને તેણે રાજાના હાથમાંથી બીડું લીધું. પછી સેવકની કાર્યના પ્રારંભમાંજ પ્રશંસા કરવી, એ ન્યાયનો વિચાર કરીને કાર્યાર્થી એવા રાજાએ તેની અત્યંત પ્રશંસા કરીને તેને વિસર્જન કરી.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir
For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હવે તે ગણિકા નિરંતર નદીના કિનારા ભાગ તરફ ચાલતાં વન અને પર્વતોને જોતી જોતી બહુ દૂર નીકળી ગઇ. એવામાં નદીની પાસેનાજ મનોહર ઉદ્યાનમાં ક્રીડારસમાં તત્પર એવા તે દંપતી તેના જોવામાં આવ્યા. તેમને જોતાંજ વિસ્મયથી મનને વિકસિત કરતી વૈરિણી ક્ષણભર વિચારમાં પડી ગઇ કે:–'અહો! એમનું રૂપ, અહો ! એમની કાંતિ અને અહો અદ્ભુત લાવણ્ય અહો ! એમનો ભાગ્યાતિશય અને લીલા ! શું આ કોઇ વિદ્યાધર દંપતી છે કે ઇંદ્ર અને ઇંદ્રાણી છે?' પછી પ્રિયંગુમંજરીને જોઇને તે વિચારવા લાગી કે–'જેણે આ રાજાના ચિત્તને હરણ કરેલું છે, તેવી કાંચળીને પહેરનારી આજ સુંદરી હોવી જોઇએ, માટે ખરેખર! આજ મારો પ્રયાસ ફળિભૂત થયો અને ભાગ્ય જાગ્યાં કે જેથી આ સુંદરી મારા જોવામાં આવી.'

પછી તે સિદ્ધસીકોતરી હોવાથી વિદ્યાશક્તિ વડે પ્રિયંગુમંજરીનું બધું સ્વરૂપ જાણીને તે કપટપંડિતા તેજ ઉદ્યાનની પાસેના માર્ગમાં એક વૃક્ષ નીચે રાજા વિગેરેનું નામ બોલતી બોલતી ઉંચે સ્વરે રૂદન કરવા લાગી. તેના વિલાપ સાંભળીને તરત જ ક્રીડાને તજી દઇને તે દયાળુ દંપતી તેની પાસે આવ્યા. ત્યાં અત્યંત વિલાપ કરતી તેને જોઇને કુમારે પુછ્યું કે–'હે ભદ્રે ! તું કોણ છે ? અને આ જંગલમાં શા માટે વિલાપ કરે છે ?' તે બોલી કે–"દયાળુ! મારા દુઃખનું કારણ સાંભળો–આ કનકપુર નગરમાં કનકધ્વજ નામે રાજા હતો, તેની હું કમલસુંદરી નામે બ્હેન છું. હું જ્યારે બાલ્યવય ઓળંગીને તરૂણવય પામી, ત્યારે અહીંથી સો યોજન દૂર શંખપુર નામે નગર છે, ત્યાં શંખ નામે રાજા હતો, તે અહીં આવીને રૂપવતી અને પિતાએ આપેલી એવી મને મહોત્સવપૂર્વક પરણ્યો, વિવાહ થયા પછી ભર્તાર સાથે અખંડ પ્રયાણે ચાલતાં હું ઘેર આવી પહોંચી. ત્યાં પતિની સાથે બહુ કાળ સુખ ભોગવતાં અનુક્રમે મારે ત્રણ પુત્રો થયા. એવામાં મેં સાંભળ્યું કે–તાત સ્વર્ગસ્થ થયા અને કનકધ્વજ બંધુને રાજ્ય મળ્યું. તેને કનકમંજરી નામે પ્રિયા અને સર્વ ગુણોપેત રૂપમાં રતિ સમાન પ્રિયંગુમંજરી નામે પુત્રી છે. મારા ભ્રાતાએ મને ઘણીવાર વસ્ત્ર, આભરણ અને ખાદિમ પદાર્થો મોકલ્યા છે, કારણ કે સ્ત્રીઓને તેથી બહુ સંતોષ થાય છે. હમણાં દૈવયોગે મારો પતિ સ્વર્ગસ્થ થયો, એટલે શત્રુઓએ સૈન્યબળથી રાજ્ય લઇ લીધું અને મારા પુત્રો મરણ પામ્યા. એટલે દૈવથી વિડંબના પામેલી અને દુઃખગ્રસ્ત હું એકલી યૂથભ્રષ્ટ મૃગલીની જેમ ત્યાંથી જીવ લઇને ભાગી. મને બીજે કયાંઇ ચેન ન પડયું, એટલે સુખાર્થિની અને અનેક મનોરથ કરતી હું ભાઇના રાજ્યમાં આવી. પણ અહીં તો આ બધું શૂન્ય જોઇને અત્યારે મારે તો ઘા પર ક્ષાર નાખ્યા જેવું થયું. એ કારણથી હું વિલાપ કરૂં છું."

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ પ્રમાણેની તેની હકીકત સાંભળીને પ્રિયંગુમંજરીએ પોતાના સ્વામીને કહ્યું કે–' હે સ્વામિન્ ! આ મારા પિતાની બ્હેન તમારી ફોઇસાસુ આવેલ છે.' એમ કહી તેને ગળે વળગીને પ્રિયંગુમંજરી રોતી રોતી બોલી કે–' અરે ! તમારી પણ આવી દારૂણાવસ્થા શા માટે થઇ ! અથવા તો સજ્જનને વિપત્તિ પાડે છે તેમાં વિધાતાનો જ દોષ છે.' એટલે તે વેશ્યા કપટથી બોલી કે–' હે શુભાશય વત્સે ! શું તું કનકધ્વજ રાજાની પુત્રી છે ?' રાજપુત્રી બોલી કે–'હા.' આ પ્રમાણે સાંભળીને અતિશય શોક દર્શાવતી તે તેને આલિંગન દઇને પર્વતોના પ્રતિશબ્દોથી આકાશ–પૃથ્વીના અંતરને પૂરતી મહા રૂદન કરવા લાગી અને બોલી કે–' હા ! ભ્રાતૃસુતે ! તું પણ મારી જેમ દુર્દશાને કેમ પામી ગઇ ? ગુણોથી પ્રખ્યાત એવા મારા ભાઈ કનકધ્વજ રાજા કયાં છે ? સુંદર રૂપવતી તેની સ્ત્રી કયાં છે ? નિર્ભય એવી તેની પ્રજા કયાં છે ? અને આ નગર શૂન્ય કેમ છે ?' પ્રિયંગુમંજરીએ ગદ્ગદ ગિરાથી બધી વાત કહી સંભળાવી. તે સાંભળી પેલી વેશ્યા પુનઃ અત્યંત દુઃસહ વિલાપ કરવા લાગીઃ–'અરે ઉત્તમ જનોને વિડંબના પમાડનારા દૈવ ! તેં આ શું કર્યું ? મારા ભાઇની પુત્રીને અને મને આવા મહા દુઃખમાં નાખી, છતાં હું ધારૂં છું કે–હજુ મારૂં પૂર્વકૃત પુણ્ય કંઇક જાગતું છે કે જેથી જમાઇ અને ભાઈની પુત્રી મને સારી સ્થિતિમાં મળ્યાં.' પછી નિર્મળ મનવાળા તે બંને બહુજ આગ્રહ કરીને જંગમ ઉત્કટ આપત્તિ સમાન તે વેશ્યાને પોતાના ભવનમાં લઇ ગયા, ત્યાં ઇતર કુળદેવીની જેમ વસ્ત્ર અને આહારાદિકથી તેનો સત્કાર કરતાં તેમણે કેટલોક કાળ વ્યતીત કર્યો.

એક દિવસે કુટિલ મનવાળી તે વેશ્યાએ રાજપુત્રીને પૂછયું કે—' હે વત્સે ! આ વર તને શી રીતે પરણ્યો તે તો કહે.' તે બોલી કે–' હે માત ! સાંભળો—આ પુરૂષ કોણ છે તે હું બરાબર જાણતી નથી, પણ દુર્દાંત રાક્ષસને મારી એ મને પરણ્યો છે.' એટલે પુનઃ પણ્યાંગના ગદ્ગદ ગિરાથી બોલી કે–" હે વત્સે! અંધયષ્ટિની જેમ અત્યારે અહીં આજ આપણો આધાર છે, એની સાથે વાત કરતાં મારૂં મન લજ્જા પામે છે, માટે તુંજ તેને એકાંતમાં બોલાવીને પ્રગટ રીતે પૂછ કે–' હે નાથ ! ચોર અને રાક્ષસાદિકના ભયથી વ્યાપ્ત અને જંગલ સમાન આ શૂન્ય નગરમાં તમે નિશ્ચિંત થઇને કેમ પડ્યા રહ્યા છો ? માટે જો કયાંક વસ્તીવાળા સ્થાનમાં જઇએ તો સારૂં.' એમ પૂછતાં એ જે જવાબ આપે, તે તું મને કહેજે." મુગ્ધ પ્રિયંગુમંજરીએ તેનું વચન માન્ય રાખ્યું. પછી એકાંતમાં તેણે પોતાના કાંતને પૂછયું. એટલે વીરશિરોમણિ જરા હસીને બોલ્યો કે–' હે રંભોરૂ ! તું લેશ પણ ભય પામીશ નહિ, કારણ કે મને કોઇનાથી ભયજ નથી.' એટલે ' તેનું શું કારણ ?' એમ રા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જકુમારીએ મધુર ભાષામાં પૂછયું. સાહસનો ભંડાર અને દાક્ષિણ્યના નિધાનરૂપ કુમાર 'પ્રાણ કંઠે આવતાં પણ સ્ત્રીઓને ગુહ્ય ન કહેવું' એ નીતિને જાણતો હતો, છતાં ભવિતવ્યતાના યોગે તેણે કહ્યું કે–'હે ભદ્ર ! સિદ્ધપુરૂષનું આપેલ રક્ષાવિધાનક જ્યાંસુધી આ મારી તરવારની મુષ્ટિમાં છે, ત્યાંસુધી પૂર્વે ઉપાર્જિત ધર્મની જેમ એના પ્રસાદથી જગતમાં હું સુરાસુર અને મનુષ્યોને અજય્ય છું. જો દૈવયોગે એ જાય અથવા વિનષ્ટ થાય, તો શત્રુસમૂહની જેમ આપત્તિઓ મને ઘેરી શકે.' આ પ્રમાણે સાંભળીને તે મુગ્ધાએ કુમારની કહેલી બધી હકીકત તે વેશ્યાને કહી સંભળાવી. તેનું ખરેખરૂં ગુહ્ય સાંભળીને તે અકારણ વૈરિણી આનંદ પામી.

એક દિવસ પેલી વેશ્યા કુમારને સ્નાન કરાવવા લાગી અને તેના મસ્તક તથા મુખપર તેલ ચોળવા લાગી, તે વખતે સમય સાધીને તેણીએ કાષ્ઠની જેમ તે ખડ્ગમુષ્ટિને બળતા ચૂલામાં નાખી દીધી. એટલે રક્ષાવિધાનક સહિત તે ખડ્ગમુષ્ટિ ભસ્મીભૂત થઇ ગઇ. એવામાં સર્વાપત્તિના યોગે કુમાર પણ મૂર્ચ્છિત થયો. તે વખતે પેલી માયાવિની મિથ્યા હાહારવ કરવા લાગી. તે સાંભળીને અન્ય કાર્યને પડતું મૂકીને રાજકુમારી ત્યાં આવી અને પોતાના ભર્તારને નિશ્ચેષ્ટ તથા મૂર્ચ્છિત થઇ ભૂમિપર પડેલ જોઇને તે વૈરિણીને પૂછવા લાગી કે–'હે માત ! તમારા જમાઇને આ અચાનક શું થયું ?' તે બોલી કે–'હું કંઇ સમજી શકતી નથી.' એવામાં બળતા અગ્નિમાં ખડ્ગમુષ્ટિને ભસ્મીભૂત થયેલ જોઇ અને પોતાના પતિનું કથન સંભારી વિચક્ષણ રાજપુત્રી ક્ષણભર સ્થિર ચિત્તે મનમાં વિચારવા લાગી કે–'ખરેખર ! આ શાકિની જેવી દુષ્ટાનુંજ આ કામ લાગે છે.' પછી શોકથી જેનું મન દ્વિધા થઇ ગયું છે એવી રાજકુમારી પ્રતિશબ્દોથી આકાશને પૂરતી રૂદન કરવા લાગી કે–'હા વલ્લભ ! તમારૂં રહસ્ય જો મેં આ દુષ્ટાની આગળ ન પ્રકાશ્યું હોત તો આ કષ્ટ તમને શેનું આવત ? હા નાથ ! હા પ્રાણેશ હા દયાનિધે ! તમારૂં મર્મવાકય મેં આની આગળ શા માટે પ્રકાશ્યું ? હે જીવિતેશ્વર ! આ કારાગાર જેવા અસાર સંસારમાં રહીને તમારા વિના હું જીવતી છતાં શું કરી શકું ? તમેજ એક જેના જીવિત છો એવી મને દીનને અવગણીને તમે મૌન ધરી કેમ રહ્યા છો ? સ્વામિન્ ! મને સુધા સમાન આપની વાણી સંભળાવો.' એ રીતે સ્નેહ–મદિરાના યોગે અનેક પ્રકારના વિલાપ કરીને મહા દુઃખથી પૂરિત એવી તે મૂર્ચ્છા પામી. એટલે અનેક શીતોપચાર વડે તેને સાવધાન કરી તે પ્રપંચપૂતળી કહેવા લાગી કે—" અરે મૂર્ખી ! તું મારૂં ખરૂં સ્વરૂપ જાણતી નથી. સિદ્ધવિદ્યાના બળે તારે માટે મેં જે કર્યું છે તે સાંભળ.

અહીંથી સેંકડો યોજન દૂર વિજયપુર નામે નગર છે. જેનો કિલ્લો દેવાંગના-

For Private And Personal Use Only

એને વિના પ્રયત્ને એક આદર્શરૂપ થાય છે. કલ્પવૃક્ષ સમાન દાતાર પુરૂષોથી, દેવમંદિરોથી, અપ્સરા સમાન સ્ત્રીઓથી અને સુધીથી તે નગર બહુ મનોહર છે. જાણે ઇંદ્રે પોતાની રાજધાનીમાંથીજ અમૂલ્ય, સ્વચ્છ, અને દેદીપ્યમાન મણિઓ જડેલ કર્યા હોય તેવા મણિરત્નોથી તે શોભાયમાન લાગે છે. વળી નાનાવિધ આરામ, સરિતા, કૂપ, સરોવર, મઠ અને મંદિરોથી જે લંકા કરતાં પણ લોકોને અધિક આનંદ આપે છે. ત્યાં રૂપ લાવણ્યથી સુશોભિત, બલિષ્ઠ અને યથાર્થ નામધારી એવો મકરધ્વજ નામે રાજા છે. જે ઔદાર્ય, ધૈર્ય, ગાંભીર્ય વિગેરે ગુણરત્નોનો સાગર, પ્રતાપથી દિશાઓને આક્રમણ કરનાર તથા ઋદ્ધિમાં ઇંદ્ર સમાન છે. તે એક વખતે રાજસભામાં બેઠા હતો, એવામાં કોઇએ નદીના પ્રવાહમાંથી મેળવેલી એક દિવ્ય કાંચળી લાવીને તેના હાથમાં આપી. એ રમ્ય કાંચળીને જોતાં તેને ઘણી રાણીઓ છતાં અદૃષ્ટ એવી તારા પર તેણે પોતાનું મન નિશ્ચલ કર્યું છે. હે વત્સે ! સર્વ વેશ્યાઓમાં શિરોમણિ એવી હું વૈરિણી નામે વેશ્યા છું. અને તેના હાથમાંનું બીડું લઇને હું તારા માટે અહીં આવી છું. વળી તારી ખાતર સિદ્ધવિદ્યાથી માયા કરીને તે ખડ્ગમુષ્ટિને બાળી દઈ મેંજ તારા પતિને પણ માર્યો છે. પૂર્વ ભવના સ્નેહથી અથવા તો તારા ભાગ્યથી પ્રેરિત એ રાજા અત્યારે તારાપર બહુજ અનુરકત બન્યો છે, માટે તું હવે મારી સાથે સત્વર ત્યાં ચાલ, અને હે ચારૂલોચને ! મારો પ્રયાસ અને તારૂં યૌવન સફલ કર. આ અજ્ઞાતકુળશીલવાળા અને એકલા પુરૂષના અને સ્મશાન સમાન આ નગરના મોહને છોડી દે. અને તારા મુખચંદ્રના દર્શનથી મકરધ્વજ રાજાના નિબિડ સ્નેહસાગરને કલ્લોલયુકત કર.”

આ પ્રમાણેનાં વિષ સમાન તેનાં વચનો સાંભળીને તે સતીશિરોમણિ બહુજ ખેદ પામીને બોલી કે—‘ હે વૃદ્ધે ! ઉભયલોકવિરૂદ્ધ અને હીન જનોને ઉચિત એવું આ મહા પાપકારી વચન તું કેમ બોલે છે ? કનકનું પુષ્પ શંભુના શિરપર ચડે અથવા તો ભૂતલપરજ પડે; તેમ કુલીન કાંતાઓનો એવો ક્રમ છે કે તેઓ પોતાના ભર્ત્તારનેજ અનુસરે અથવા તો જાજ્વલ્યમાન અગ્નિનો આશ્રય લેય. પરંતુ તે શિવાય કદાપિ પણ અન્યત્ર તેનું મન લોભાયજ નહીં.’ આ પ્રમાણેનાં તેનાં વાકયથી તેને શુદ્ધ પતિવ્રતા જાણીને તે દુષ્ટા કોપથી વિકટ રૂપ ધારણ કરી ઉચ્ચ સ્વરે બોલી કે—‘ અરે પાપે ! હું વિદ્યાસિદ્ધ છું, તે તું શું જાણતી નથી.? જો તું મારૂં ઇચ્છિત નહિ કરે, તો હું તને મારી નાંખીશ.’ આ પ્રમાણેનાં તેનાં વચનથી તેને મહાશાકિની જાણીને પ્રિયંગુમંજરી પોતાના ભર્ત્તારે એકાંતમાં કહેલ હકીકત આ પ્રમાણે સંભારવા લાગી કે —‘ હે પ્રિયે ! રમ્ય ચંપાપુરમાં ધવલવાહન રાજા અને તેની પ્રીતિમતી રાણીનો હું સુમિત્ર નામે પુત્ર છું. તાતના રોષથી તે દેશનો

ત્યાગ કરીને સૂર, શ્રીપતિ, સુશર્મ અને સાગર એ ચાર મિત્રો સાથે હું દેશાંતરમાં ફરવા નીકળ્યો છું. રસ્તામાં પરવિદ્યાછેદિની પ્રમુખ વિદ્યા સાધવાને છ છ માસની અવધિ કરીને તે મિત્રો જુદે જુદે સ્થાને ગયા છે. તેઓ આજ પછી એક માસમાં અવધિ પૂર્ણ થતાં પરવિદ્યાદિ સહિત અહીં આવીને મને અવશ્ય મળવાના છે.' આ પ્રમાણેનાં સુમિત્રનાં કહેલાં વચનો યાદ લાવીને તે પુનઃ વિચારવા લાગી કે—એ મિત્રો આવીને પોતાની સંજીવની વિદ્યાથી આ રાજકુમારને અવશ્ય સજીવન કરશે, માટે હાલ તો મારે પોતાના શીલ અને જીવિતની સંભાળ રાખવાની છે. એમ ચિંતવીને કુમારના શરીરને આવાસમાં મૂકી પ્રિયંગુમંજરી તે દુષ્ટાની સાથે ચાલતી થઇ. અનુક્રમે વિજયનગરની પાસેના ઉદ્યાનમાં આવતાં તે વેશ્યાએ કોઇ માણસ દ્વારાએ રાજાને વધામણી આપી, એટલે કામના કલ્લોલથી ઉછળતો ઓલોલુપી મકરધ્વજ રાજા આનંદ પામી પોતાના પરિવાર સહિત તેની સન્મુખ આવ્યો અને પોતાના રૂપથી રંભાને પણ કિંકરી બનાવતી પ્રિયંગુમંજરીને જોતાં પોતાના અંતરમાં બહુજ આનંદ પામ્યો. પછી મનોહર અને ભૂષણભૂષિત એક હાથીને ત્યાં લાવીને સ્નેહ સહિત કોમળ વચનોથી રાજા તેને કહેવા લાગ્યો કે—'હે પ્રિયે! મારી સાથે આ સુંદર હસ્તીપર આરોહણ કરીને મારા મનોરથને પૂર્ણ કરવા રાજમંદિરને અલંકૃત કર.' તે સુશીલા બોલી કે—'હે રાજન્! એક માસ સુધી તમારા શ્રેય નિમિત્તે અર્થી જનોને દાન આપતી હું અહીંજ રહીશ, પછી તમારા કહ્યા પ્રમાણે જે યોગ્ય હશે તે અવશ્ય કરીશ.' આ પ્રમાણે સાંભળીને રાજાએ સ્નેહપૂર્વક તેને ત્યાં દાનશાળા કરાવી આપી. રાગી જનો સ્ત્રીના અર્થે શું શું ન કરે?

અપૂર્ણ.

## જ્ઞાનીને સુખ.

જ્ઞાનીને સુખ છે સદા, છે નહીં જરીએ દુઃખ;
વૈભવ કે સુખ કોઇની, છે નહીં મનમાં ભૂખ.
છે નહીં મનમાં ભૂખ, પૂરણ તૃપ્તિ છે તેને;
વળતી શું છે દુઃખ, સદ્ગુરૂ હોયે એને.
કે છે કપૂરદાસ, સદા દુઃખીઆ અજ્ઞાની;
માણેકપુરે મોજ, દીલખુશ સુખીઆ જ્ઞાની. ૧

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir
For Private And Personal Use Only

## શ્રી સિદ્ધક્ષેત્ર જૈન બાળાશ્રમ-પાલીતાણા. સં. ૧૯૭૨ ના કારતક શુદી ૧ થી સં. ૧૯૭૩ ના અશાડ વદી ૦)) સુધીનું માસ ૨૧ નું પાકું સરવૈયું.

**જમે**

[illegible]૭૩-૪-૬॥ શ્રી જનરલ નિર્વાહ ફંડ ખાતે જમા.

૫૧૧૦૫-૬-૩॥ સં. ૧૯૭૧ આખરે બાકી.

૧૦૯૭૪-૭-૦ સં. ૧૯૭૨ ની સાલમાં જુદે જુદે ખાતે એકંદર આવ્યા.

૧૧૨૬૩-૭-૩ સં. ૧૯૭૩ ની સાલમાં જુદે જુદે ખાતે એકંદર આવ્યા.

૭૩૪૭૩-૪-૬॥ (ઉઘરાણી સાથે)

૨૮૬-૪-૨ શ્રી ઇનામ ખાતે જમા.

૬૪-૭-૯ શ્રીશાહ વિદ્યાર્થીઓ ખાતે જમા.

૫૩૯-૬-૦ શેઠ હરજીવન મુળજીના ઇનામી ફંડ ખાતે જમા.

૨૧૪-૮-૦ શેઠ માણેકચંદ પુરૂષોત્તમના સુપત્ની બાઇ ગોદાવરીના ભોજન ફંડ ખાતે જમા.

૨૧૪-૪-૦ શેઠ હેમચંદ અમરચંદ હા. મણીબ્હેન તથા મંગળાબ્હેનના ભોજન ફંડ ખાતે જમા.

૬૫૧-૦-૦ શેઠ ત્રીભોવનદાસ ભાણજીની મરણ તિથિએ કરવાના ખર્ચ ખાતે વ્યાજુ જમા.

૪૯-૯-૩ શેઠ ત્રીભોવનદાસ ભાણજીની મરણ તિથિએ કરવાના ખર્ચ ખાતે જમા.

૧૧૭-૪-૦ શ્રી બાળાશ્રમ વરસગાંઠ ફંડ ખાતે જમા.

**ઉ**

૧૩૦૬૭-૧૨-૬॥ શ્રી જુદે જુદે ખાતે એકંદર ખર્ચના.

૫૦૯૭-૬-૮ શ્રી ભોજન ખર્ચના

૪૬૭-૪-૩ શ્રી પરચુરણ ,,

૧૦૫૯-૧૧-૮ શ્રી મકાન ભાડા ,, માર્ચ ૧૯૧૮ સુધીના

૬૭૭-૮-૨ શ્રીવિદ્યાભ્યાસ ખર્ચના

૨૫૮૯-૬-૨ શ્રી નોકર પગાર ,,

૨૩૦-૧૦-૧૦ શ્રી મુસાફરી ,,

૧૨૧-૦-૦ શ્રી સ્ટેશનરી ,,

૫૯-૧૩-૩ શ્રી ડેડસ્ટોક ,,

૫૩૬-૧૦-૨ શ્રી કાપડ ,,

૭૧-૫-૩ શ્રી પોસ્ટેજ ,,

૪૦-૧૦-૯ શ્રી માસિકપત્રો ,,

૧૨૨-૫-૯ શ્રી દિવાબત્તી ,,

૨૪૩-૫-૦ શ્રી રીપોર્ટ વિગેરે પ્રીન્ટીંગ ખર્ચના

૭૪-૦-૦ શ્રી બોનસ ,,

૧૨૨૬-૧૫-૦॥ શ્રી ભાવનગર અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના ખર્ચના.

૪૪૯-૧૧-૭ શ્રી અમદાવાદ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના ખર્ચના.

૧૩૦૬૭-૧૨-૬॥

૧૯૨૦૯-૧૩-૧૧ શેઠ પ્રેમચંદ રતનજી શ્રી મુંબાઇ ખાતે.

૧૫૪૫૯-૧-૧૦ શ્રી પોર્ટ ટ્રસ્ટ બોન્ડઝ ખાતે.

૧૦૫૧૫-૬-૪ શ્રી મ્યુનીસીપાલ બોન્ડઝ ખાતે.